શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ

## ક્રિકેટ મહોત્સવ વિશેષાંક


વ્યારા ટીમ


રાજપીપલા ટીમ


બીલીમોરા ટીમ


વિજેતા ટીમ-સુરત


રનર અપ ટીમ-વડોદરા


પાલવિભાગ ટીમ


અંકલેશ્વર ટીમ


સુરત ટીમ

ફેબ્રુઆરી-૨૦૧૯ અંક - ૨ વર્ષ ૫૬ સળંગઅંક ૪૬૦ માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂ.
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi Navyug Email : pancholinavyug@gmail.com
Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org

# ક્રિકેટ મહોત્સવ ૨૦૧૮ની ઝાંખી



મુકેશભાઈ પંચોલી-પ્રમુખ સ્વાગત પ્રવચન



હેમંતભાઈ મિસ્ત્રી સાથે સ્પોન્સરો



ડો. મહેશભાઈ મિસ્ત્રી-સ્વાગત



દિપ પ્રાકટ્ય


રાષ્ટ્રગીત ગાન


હેમંતભાઈ મિસ્ત્રી-ફસ્ટ સ્ટ્રોક


મુકેશભાઈ-ક્રિકેટમેચ મહોત્સવ ઓપનીંગ


મેચની ઝલક

# સમાજપિતા
# સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રીને
# ૪૨મી પૂણ્યતીથીએ ભાવાંજલિ



સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી

જન્મ : ૨૩·૧·૧૯૨૧ અવસાન : ૧૦·૨·૧૯૭૭

॥ स्वेन क्रतुना संवेदत : ॥

મનુષ્ય પોતાના કર્મ દ્વારા બોલે...

કેવળ વાતો ન કરે....

પરંતુ કર્મ કરીને બતાવે...

## અર્પણકર્તા

શ્રી હેમંતભાઈ સી. મિસ્ત્રી
પ્રમુખ

શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી
માનદ્ મહામંત્રી

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**
**ના હોદ્દેદારો અને સંલગ્ન સંસ્થાઓ**

શ્રી ધવલકુમાર જે. પંચોલી
અધ્યક્ષ-સી.ટી.સ્મારક નિધિ

શ્રી દક્ષયભાઈ પી. ગજ્જર
મંત્રી-સી.ટી.સ્મારક નિધિ

## શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના ના સભ્યો જોગ

આથી દરેક સભ્યોને જણાવવાનું કે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત પંચોલી સમાજ સુરક્ષા યોજનાનું નામ ફેરબદલી કરી હોવાથી હવેથી માત્ર **'શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના'** નામ રાદવામાં આવેલ છે તેના જુના ખાતા દેનાબેન્ક-વ્યારા અને પંજાબ નેશનલ બેંક વ્યારાના સદંતર બંધ કરી દેવામાં આવ્યા છે માટે સદર એકાઉન્ટ ખાતે કોઈપણ વ્યવહાર કરવો નહીં જેની નોંધ લેશો.

ચાલુ વર્ષથી 'શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજનાનું નવું ખાતુ ઈન્ડીયન બેંક ઓફ ઈન્ડિયા વ્યારા ખાતે ખોલવામાં આવેલ છે જેનો ખાતા નંબર અને કોડ નીચે મુજબ છે. માટે દરેક સભ્યોએ પોતાનો વાર્ષિક ફાળો આ સેવિંગ્સ ખાતામાં જમા કરાવી અધ્યક્ષશ્રી/મંત્રીશ્રીને જાણ કરવા વિનંતી

નવિનચંદ્ર ચુનીલાલ પંચોલી
૪૫, રામકબીર નગર, સ્ટેશનરોડ, વ્યારા
મો. ૯૯૯૮૭૭૮૦૮૬

## શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના એકાઉન્ટ નંબર

આપનો ફાળો શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના ના નામે
નામે યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના
ખાતા નં. 605202010006175
IFC Code UBIN0560529
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
અધ્યક્ષશ્રી - નવિનભાઈ ચુનીભાઈ પંચોલી-વ્યારા

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના
નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં
સેવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઈ સી. મિસ્ત્રી-સુરત

## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૫૦૦/- જબુગામ નિવાસી કિશનભાઈ એમ. પંચોલી તરફથી ૭૦મી વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૧૦૧/- સુરત (અજરાઈ) નિવાસી રવિન્દ્ર મગનલાલ મિસ્ત્રી તરફથી પૌત્રી મિસરીની વર્ષગાંઠ નિમિત્તે

## દેવના દિધેલ



છોટાઉદેપુર(હાલ ભરૂચ) નિવાસી દક્ષેશભાઈ વિઠ્ઠલભાઈ પંચોલીને ત્યાં તા. ૭.૧૦.૨૦૧૮ના રોજ પુત્રીરત્ન ચિ. મિતાંશીનો જન્મ થયો.
માતા :



મુંબઈ નિવાસી કૃણાલકુમાર રાજેન્દ્રભાઈ પંચોલીને ત્યાં તા. ૧૧.૦૧.૨૦૧૯ના રોજ પુત્રરત્ન ચિ. શ્લોકનો જન્મ થયો.
માતા : માતા ટવીન્કલબેન



સુરત નિવાસી ધવલકુમાર રમેશભાઈ ગજ્જરને ત્યાં તા. ૧૯.૦૧.૨૦૧૯ના રોજ પુત્રીરત્ન ચિ. ક્રિશાનો જન્મ થયો. માતા : ભૂમિબેન

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/c પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક
અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઈ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

## પંચોલી નવયુગ

## ફેબ્રુઆરી-૨૦૧૯

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રીની કલમે...



વ્હાલા જ્ઞાતિજનો

કુશળ હશો...

પંચોલી સેવા સમાજ મહામંડળ અને પંચોલી જ્ઞાતિ પંચ સુરત દ્વારા આયોજિત ક્રિકેટ મહોત્સવ વિશેષાંક આપના કરકમળમાં મુકતા આનંદ અનુભવું છું. આ મહોત્સવ ખૂબ જ સરસ રીતે રમાયો. યુવાનોનો થનગનાટ અનુભવાયો. આવા મહોત્સવો ઉજવાતા રહે તો આપણું મહામંડળ જીવંત રહેશે. સુંદર આયોજન બદલ સુરત જ્ઞાતિ પંચના પ્રમુખશ્રી મુકેશભાઇ અને તેમની ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

પર્યાવરણ અને હવામાનની વાતો ઘણી ચર્ચાય છે. વૃક્ષોના નિકંદનથી આપણે ઘણીવાર ગ્લોબલ વોર્મિંગની વાતો કરી છે અને અનુભવી પણ છે પણ હાલ તો આપણે સૌ ગ્લોબલ કોલ્ડવેવ અનુભવી રહ્યા છીએ. જુના સાલ, સ્વેટરો, મફલરનો વપરાશ થઇ રહ્યો છે..આપણે જાતે જ સાલ ઓઢી આપું બહુમાન કરી રહ્યા છીએ.. મેથીપાક, સાલમપાક, અડદીયુ, ચીકીનો આસ્વાદ પણ માણી રહ્યા છીએ.. શીયાળાની ઋતુ ખરેખર આનંદની ઋતુ.. સૌથી સસ્તા શાકભાજી, ઉંઘીયુ, ઉબાડીયું, વેગણનુ ભડથુની મૌસમ, લગ્નોની મૌસમ, અને દિવાળી પછીનો ઉત્સવ મકરસંક્રાંતિ નો ઉત્સવ.. હવે તો આ દિવસે સાંજે જાણે દિવાળીનો ઉત્સવ પણ ઉજવી લેવાય છે..

આ બધા ઉત્સવ પછી આવે છે પરીક્ષાની તૈયારીના સમય.. અભ્યાસ એકાગ્રતાથી અને ટેન્સન ફ્રી થઇ શાંત ચિત્તે પરીક્ષાની તૈયારીમાં મંડી પડજો.. તો ધાર્યું પરિણામ મેળવી શકીશું..

સખેદ જણાવવાનું કે મહામંડળના મેડિકલ સહાયના દાતા લેસ્ટર નિવાસી ગં.સ્વ. રમણબેન હિરાલાલ પંચોલીનું અવસાન થતા આપણે એક દાતા ગુમાવ્યા છે... પ્રભુ એમના આત્માને શંતિ અર્પે તથા એમના સ્વજનોને આઘાત સહન કરવાની શકિત અર્પે એજ પ્રાર્થના...

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલય ડી. મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પ.સૌ.સ.મહામંડળ
૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો,

કુશળ હશો..

વર્ષ ૨૦૧૯ ચાલુ થઇ ગયુ છે. નવી આશાઓ અને નવા હોપ સાથે આ વર્ષને વધાવીએ અને સમાજ માટે કોઇ એક નવો સંકલ્પ લઇએ કે સમાજને ઉપયોગી બને. સંકલ્પ કોઇપણ હોય ચાહે તમો એમ નકકી કરો કે હવે પછી ૨૦૧૯ની મહામંડળની તમામ એકટીવીટીમાં એકટીવ ભાગ લઇશ કે પછી સમાજના જરૂરીઆતમંદોને બનતી મદદ કરીશ ભલે પછી એ એકમ દ્વારા હોય, મહામંડળ દ્વારા હોય કે પછી વ્યકિતગત હેસીયતથી કરીએ. અમો પણ ૨૦૧૯ સુધીમાં શકય એટલા પેન્ડીંગ કામો પુરા કરવાના લક્ષ રાખી રહ્યા છીએ.

બંધારણની ડ્રાફટ કોપી બંધારણ કમિટિ તથા મહામંડળના હોદ્દેદારોને મોકલી છે જેના પર અમોને કોમેન્ટો સુધારા વધારા મળતા અગામી કારોબારીમાં ચર્ચા પર લઇ તમામ એકમોને મોકલવા વિચારણા કરીશું અને ખાસ સામાન્ય સભા મેળવી આ કાર્ય પૂર્ણ કરવા કોશીષ કરીશું.

૨૦૧૯ પાસે આપણને આકાંક્ષાઓ હોય એ સ્વાભાવિક છે જે પુર્ણ કરવા જઇ રહ્યુ છે અંકલેશ્વર એકમની યુવા ટીમ. પ્રોબેબલી ડિસેમ્બર-૨૦૧૯માં આકાંક્ષા-૩ લઇને આવે એવી શકયતાઓ છે, જેને અમારા તરફથી સંપૂર્ણ સહયોગ છે, અંકલેશ્વર ગો-એહેડ...વી આર વીથ યુ.

સ્વયંના અધ્યક્ષા મૃદુતા મિસ્ત્રી પંચોલી પણ એક પ્રોગાંમ અંગે પ્લાનીંગ કરી રહ્યા છે ઓલ ધ બેસ્ટ. મહામંડળ અને અમો આપની સાથે જ છીએ, બાકી યુવાનીને પહાડ પણ કયાં નડે છે ?

તમામ એકમોને પોતાના એકમના પ્રમુખ અને મંત્રીના એડ્રેસ તથા ફોટા મોકલવા વિનંતી છે જેથી મહામંડળની વેબ સાઇટ પર લેટેસ્ટ માહિતિ મળી રહે તો વેબ સાઇટ પર ચેક કરી જે એકમોના પ્રમુખ-મંત્રીના જુના ડેટા છે તેઓને તાત્કાલીક માહિતી મોકલવા વિનંતી. હાલમાં આપણી પાસે માત્ર ૧૫ એકમોના ડેટા છે તે પણ અધુરા ! સ્વયંમના તમામ સંગઠનોના તથા મહિલા મંડળના તમામ હોદ્દેદારોની વિગતોમાં પ્રમુખ-મંત્રીના પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ, સરનામુ, મોબાઇલ નંબર સાથે infospssmm@gmail.com પર મોકલા વિનંતી.

આ અંકમાં મહામંડળની સહાયનું ફોર્મ છપાયુ છે, ખરેખર જરૂરીઆતમંદ સમાજ બંધુને આપેલ સમય મર્યાદામાં ફોર્મ ભરી યોગ્ય હોદ્દેદારોની સહી કરાવી પરત મોકલવા વિનંતી... કોઇપણ વિગત અધુરી કે ખાલી નહી મુકવી તથા એકમોના હોદ્દેદારોને વિનંતી કે ખરેખર જરૂરીયાતવાળા અને પુરેપુરી વિગતો અને એટેચમેન્ટ હોય તોજ સહી કરશો. અધુરા ફોર્મ રદ થવાને પાત્ર રહેશે. જે બહેનોને ખરેખર મદદની જરૂર છે અને નવયુગ નથી મળ્યા કે વાંચતા ન આવડતુ હોય તો તેવી વ્યકિતને જાણ કરી ફોર્મ મોકલવા વિનંતી. સમય મર્યાદા બાદ મળેલ ફોર્મ સ્વીકારવા શકય બનતા નથી.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના મેડિકલ સહાયના દાતા લેસ્ટર નિવાસી ગં.સ્વ. રમણબેન હિરાલાલ પંચોલીનું અવસાન થતા આપણે એક દાતા ગુમાવ્યો છે... તેઓ વારંવાર નાના મોટા દાનો આપતા રહેતા હતા.... પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે તથા સ્વજનોને આઘાત સહન કરવાની શકિત અર્પે એજ સમગ્ર પંચોલી સમાજ સાથે પ્રભુ પ્રાર્થના યાચુ છું..

સૌને ૨૦૧૯ ઘણું જ ફળદાયી નીવડો એવી શુભેચ્છાઓ..

અંતમાં ઉતરાયણ નિમિત્તે મળેલ કવિતાના ખુબ સુંદર અંશ

સદા અનુકુળ દિશાનો પવન મળે,
જવું છે જે દેશ ત્યાંનું ઇજન મળે.
લડાવો ચાહે પેચ તોયના વેર મળે,
માંગો ત્રણ અને તમને તેર મળે.
ગોથા ખાતા પતંગને પણ ઓથ મળે
એવું મજાનું સૌને જીવન મળે....

અસ્તુ......

જય પંચોલી સમાજ

# શ્રદ્ધાંજલી



પ્રભુ આપના આત્માને ચિરઃશાંતિ અર્પે
એજ અમારા સૌની અંતઃકરણથી પ્રાર્થના

**અર્પણકર્તા**

રાજુભાઇ ભીખુભાઇ પંચોલી-પુત્ર
અ.સૌ. નિતાબેન રાજુભાઇ પંચોલી
પરિવાર-લેસ્ટર (યુ.કે.)
પારૂલ મુકેશભાઇ પંચોલી-લંડન(યુ.કે.) પુત્રી
ઇન્દુબેન મનહરભાઇ પંચોલી-ઉધના-પુત્રી
સ્વ. જયાબેન ભીખુભાઇ પંચોલી-વ્યારા-પુત્રી

**સૌજન્ય :** શ્રી રામુભાઇ નાથુભાઇ પંચોલી



**નિર્ભય અન. સહનશીલતાના સદાચારી**
**સ્વ. મણીકાંતા(પાલીબેન)**
**ભીખુભાઇ મોરારભાઇ પંચોલી**
**જન્મ તા. ૦૭:૦૧:૨૦૧૯**

---

અમારે ઘરે આવી એક નાનકડી પરી
અમારે આંગણે પગલાં કરશે પરી બની....

## Welcome KRISHA



Chi Krisha Dhaval Gajjar
Birth Date :

Late Maganlal Gajjar    Late Paliben Gajjar
Mr. Rameshbhai M. Gajjar-9714240042
Mrs. Kokilaben R, Gajjar-8980363602
Mr. Dhaval R, Gajjar-997454655
Mrs. Bhoomi D. Gajjar-08320474694
Mr. Divyesh R. Gajjar-9825488777
Mrs. Ayushi D. Gajjar-93761 76856
Ch. Rudra D. Gajjar
301, Parshvanath Complex. Subhas chowk,
Gopipura, Surat 395003

---

જય સ્વામીનારાયણ ૐ સાઈ

## Welcome ( ભઈલું )



**શ્લોક કૃણાલ પંચોલી**
**જન્મ : ૧૧-૦૧-૨૦૧૯**

લિ.રાજેન્દ્ર ચુનીલાલ પંચોલી. (દાદા)
દક્ષા રાજેન્દ્ર પંચોલી. (દાદી)
હિતાંશી કૃણાલ પંચોલી. (દી)
કૃણાલ રાજેન્દ્ર પંચોલી. (પપ્પા)
દ્વિંકલ કૃણાલ પંચોલી.(મમ્મી)
મુંબઇ    મો :-૯૮૨૦૫૩૮૯૨૨

## હાર્દિક શુભેચ્છાઓ



**ચિ. હેમિલ – અ.સૌ. રચના**

તા. ૧૫.૨.૨૦૧૮ના રોજ ૧૮મી મેરેજ એનીવર્સરી નિમિતે હાર્દિક શુભેચ્છાઓ....

**શુભેચ્છક**

સ્વ. મણીબા
બાબુભાઈ એચ. પંચોલી
જ્યોત્સનાબેન બી. પંચોલી
સુથારવાડ, અંકલેશ્વર
ફોન : ૦૨૬૪૬-૩૨૨૨૧૭
મો. : ૯૩૭૪૦ ૬૪૦૭૭, ૯૩૭૫૬૩૩૧૧૧

**સ્વ. અંબુદાદા – સ્વ. ગુલાબ બા**

મહેશભાઈ એ. મિસ્ત્રી
હંસાબેન એમ. મિસ્ત્રી
ચિ. તુષાર એમ. મિસ્ત્રી
ચિ. જૈવિક

K-703,"Durvas" Opp. D'Mart,
Yeshwant Viva Township, Vasai,
Nalasopara, Link Road, Vasai(East) 401 209
Mo. +919321105674

# શ્રદ્ધાંજલી



**સ્વ. ગં.સ્વ. રમણબેન હીરાલાલ પંચોલી**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને
રૂા. ૫૧,૦૦૦/-(અંકે રૂપિયા એકાવન હજાર પુરા)
મેડિકલ સહાય વ્યાજ વપરાશ ફંડમાં આપનાર
લેસ્ટર નિવાસી

**સ્વ. રમણબેન હિરાભાઈ પંચોલી**

નું દુઃખદ અવસાન થયું છે...
સમાજે એક અમૂલ્ય દાતા ગુમાવ્યા છે...
પ્રભુ એમના આત્માને ચિરઃશાંતિ અર્પે તથા
એમના સ્વજનો પર આવી પડેલ
આકસ્મિક આઘાત સહન કરવાની પ્રભુ શકિત આપે
એજ પ્રાર્થના...

**અર્પણકર્તા**

શ્રી હેમંતભાઈ સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી નિશિકાંત બી. મિસ્ત્રી-મહામંત્રી
તથા સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# યુવા સંગઠન
# સ્વયં



પંચોલી સમાજના મારા વ્હાલા યુવા મિત્રો

૨૦૧૯નું વર્ષ આપણાં માટે ઘણી બધી યાદો સંગ્રહ કરવાની તક લઈને આવી રહ્યું છે. તો આ નવા વર્ષમાં અમે પણ સ્વયં ગ્રુપ સાથે કંઈક નવુ કરવાની આશા સાથે આપની સમક્ષ આવ્યા છે.

૨૦૧૨માં સ્વયં ગ્રુપની શરૂઆત થઇ ત્યારથી આજ સુધી સુરત, બીલીમોરા, અંકલેશ્વર, વ્યારા, મુંબઇ એકમમાં સ્વયં ગ્રુપ ખુબ જ સુંદર રીતે કાર્યરત હતુ અને ૨૦૧૯ની શરૂઆતમાં જ વડોદરામાં પણ સ્વયં ગ્રુપ ખુબ જ ઉત્સાહ પૂર્વક કાર્યરત થયુ છે. તો ચાલો ૨૦૧૯નું આ વર્ષ મહામંડળના સ્વયં માટે યાદગાર બનાવી દઇએ..

આ વર્ષે દરેક એકમના સ્વયં ગ્રુપ માટે એક ટાસ્ક લઇને આવ્યા છે જે પ્રયત્નો હશે તમારા ગ્રુપને વધુ ઇમ્પ્રુવ કરવા માટેના. આ વર્ષે ૨૦૧૯ના અંતે 'બેસ્ટ સ્વયં ગ્રુપ'નો એવોર્ડ અમે આપવા જઇ રહ્યા છે.. જેના માટે નીચે મુજબના Criteria area fulfil કરવાના રહેશે...

- કોઈપણ ત્રણ તહેવારોની ઉજવણી — ૩૦ માર્ક
- કોઈપણ બે સામાજિક હિતના કાર્યો — ૨૦ માર્ક
- કોઈપણ એક વન-ડે પિકનિક — ૧૦ માર્ક
- બે વખત ગેટ ટુ ગેધર — ૨૦ માર્ક
- સ્વયંની M.C.M. અને A.G.M. — ૧૦ માર્ક


આ દરેક ઈવેન્ટ માટે નીચે મુજબના રુલ્સ ફોલો કરવાના રહેશે.

- ❖ દરેક માટે ઓછામાં ઓછા ૧૦ મેમ્બર્સ હશે તો જ એ ઈવેન્ટ સ્વયંની ઈવેન્ટ ગણાશે.
- ❖ સામાજિક કાર્ય સમાજ બહારની સંસ્થાને લગતુ સેવા કાર્ય કરી શકાશે.
- ❖ બધી એક્ટીવીટી ફેબ્રુઆરી ૨૦૧૯ થી ચાલુ કરી ડિસેમ્બર ૨૦૧૯ સુધીમાં પુરી કરવાની રહેશે.
- ❖ વિજેતા અને રનર અપ એમ બે ઈનામ આપવામાં આવશે.
  તમારા ગ્રુપના ફોટાઓ અને અહેવાલ નવયુગ તથા સ્વયંના અધ્યક્ષા મૃદુતા મિસ્ત્રી પંચોલીને મોકલવાના રહેશે.
- ❖ વિજેતા એકમોના નામ નવયુગમાં માર્કશીટ સાથે પ્રકાશિત કરવામાં આવશે. તથા મહામંડળની કોઈપણ ઈવેન્ટમાં તેઓને ઈનામ એનાયત કરવામાં આવશે.
- ❖ કોઈપણ એકમ મહામંડળ સાથે મળીને કોઇ મોટી ઈવેન્ટ કરશે તો ૩૦ માર્ક બોનસ મળશે.
- ❖ સ્વયંની મિટિંગ ગેટ ટુ ગેધર ગણાશે નહી.
- ❖ તમામ એક્ટીવીટી સ્વયં ગ્રુપે જ કરવાની રહેશે..
- ❖ આપના સજેશનો આવકાર્ય છે સજેશન સાથે સોલ્યુશન પણ જરૂરથી મોકલશો.

તો ચાલો સ્વયં ગ્રુપ મંડી પડો તૈયારીમાં તમારા બધાના અહેવાલોની પ્રતિક્ષા રહેશે.....

**નોંધ :** દરેક એકમના સ્વયં ગ્રુપના પ્રમુખ તથા મંત્રીઓના નામ તથા વોટસએપ નંબર સ્વયંના પ્રમુખને બને એટલા જલ્દી મોકલવા વિનંતી.

મૃદુતા મિસ્ત્રી પંચોલી
Mo. 99242 11722
mruduta20@gmail.com





## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત અને શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ દ્વારા આયોજીત

# ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૮



તા. ૨૩.૧૨.૨૦૧૮ને રવિવારના રોજ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટીના ગ્રાઉન્ડ પર શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત અને શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ દ્વારા પંચોલી સમાજના યુવાનો માટે ક્રિકેટ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત કરતા સુરત એકમના પ્રમુખશ્રી મુકેશભાઇ કનૈયાલાલ પંચોલીએ ડાયસ પર પોતાનું સ્થાન લઇ મહાનુભાવોને આવકાર્યા. જેમાં સૌ પ્રથમ મહામંડળના પ્રમુખ શ્રી હેમંતભાઇ મિસ્ત્રી, મહોત્સવના મુખ્ય ટ્રોફી સ્પોન્સર સ્વ. દીપકભાઇ બાલકૃષ્ણ જરીવાલાના સુપુત્ર શ્રી પ્રિયવત જરીવાલા, કો.-ટ્રોફી સ્પોન્સર શ્રી કમલેશભાઇ જરીવાલાને આવકારી પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ. અન્ય મહાનુભાવોમાં સુરત એકમના મંત્રી શ્રી ધવલભાઇ પંચોલી, મહામંડળના મહામંત્રી શ્રી નિશિકાંત મિસ્ત્રી, ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ પંચોલી, સહમંત્રી શ્રી દેવાંગભાઇ પંચોલી, મહામંડળ તથા સુરત પંચના ખજાનચી તથા ક્રિકેટ મહોત્સવના કન્વીનરશ્રી ઉમેશભાઇ ટ્રસ્ટી શ્રી ડો. મહેશભાઇ મિસ્ત્રી, સુરત એકમના સહમંત્રી શ્રી નિલેશભાઇ પંચોલી, સહખજાચીશ્રી ધર્મેશભાઇ મહેતાએ ડાયસ પર પોતાનું સ્થાન ગ્રહણ કર્યુ. અને સુરતના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.

સ્વાગત સમારંભ આગળ વધારતા આ કાર્યક્રમમા મંડપ સ્પોન્સર શ્રી ઇશ્વરભાઇ અમૃતલાલ પંચોલી, ગ્રાઉન્ડ સ્પોન્સરશ્રી કૌશિકભાઇ કેશવલાલ પંચોલી, શ્રી ચેતનભાઇ હસમુખલાલ પંચોલી, શ્રી અશ્વિનભાઇ મનહરલાલ પંચોલી અને શ્રી ઋષભ કમલેશભાઇ જરીવાલાએ પોતપોતાનું સ્થાન ગ્રહણ કર્યુ અને એમનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.

સુરત એકમના મંત્રીશ્રી ધવલભાઇ પંચોલીએ પ્રસંગનું સંચાલન આગળ વધારતા મહાનુભાવોને દીપ પ્રાગટ્ય માટે આમંત્ર્યા અને કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. તમામ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. વિશાળ ગ્રાઉન્ડ પર સમસ્ત જ્ઞાતિજનો દ્વારા રાષ્ટ્રને સન્માન આપતુ રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું અને વાતાવરણમાં અનોખી ઉષ્મા પ્રસરી ગઇ.

સુરત એકમના પ્રમુખ શ્રી મુકેશભાઇ પંચોલી દ્વારા પ્રાસંગિક ઉદ્દબોધન આપવામાં આવ્યું. સુરત એકમના આયોજનને સહકાર આપવા બદલ મહામંડળ અને આવેલ દરેક એકમોના હોદ્દેદારો તથા જ્ઞાતિજનો અને એનાથી પણ વધારે આ આયોજનનો હેતુ સફળ બનાવવા બદલ સમયસર આવેલ દરેક ખેલાડીઓ જેઓએ ખુબ જ પ્રેકટીસ અને મહેનત કરી છે એમનું શબ્દોથી અભિવાદન કરવામાં આવ્યું અને દરેક ખેલાડી અને ટીમને તેઓનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે શુભેચ્છાઓ પાઠવી. મહામંડળના પ્રમુખ શ્રી હેમંતભાઇએ એમના ઉદ્દબોધનમાં સુરત એકમે કરેલ આ આયોજન બદલ શુભેચ્છાઓ પાઠવી અને છેલ્લા બે વર્ષથી સુરત એકમે જે જહેમત ઉઠાવીને યુવાઓ માટેના આ મહોત્સવને ખરેખર અવિસ્મરણીય બનાવ્યો અને સૌથી વધારે ધન્યવાદ 'ટીમ ઓફ યુનિટી'ને આપ્યા, જેઓએ આજની ટુર્નામેન્ટના આયોજનમાં પોતાનું એક અનોખુ સ્થાન બનાવ્યું હતું. દરેક એકમ અને ખેલાડીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. સુરતના હોદ્દેદારો, કારોબારી સભ્યો તેમજ સુરતના દાતાઓ અને જ્ઞાતિજનોએ ટીમ વર્કનું એક ઉમદા ઉદાહરણ પુરૂ પાડ્યું

તે બદલ સર્વેને શુભેચ્છાઓ પાઠવી.

ક્રિકેટ કન્વીનરશ્રી ઉમેશભાઇ દ્વારા દરેક એકમના કેપ્ટન અને ખેલાડીઓને ક્રિકેટની પ્રતિયોગીતા અંગેના નિયમો અંગે જાણકારી આપવામાં આવી અને મહામંડળના પ્રમુખશ્રી હેમંતભાઇ અને સુરત એકમના પ્રમુખશ્રી મુકેશભાઇને પોત પોતાની ટીમ સાથે સ્પોન્સર્સની સાથે ગ્રાઉન્ડ પર જઇ પ્રસંગની ઉદ્‌ઘાટન વિધિ કરવામાં આવી.

દરેક એકમના હોદ્દેદારો અને કેપ્ટનને ડાયસ પાસે બોલાવી ક્રિકેટ ટીમની ચીઠ્ઠીઓથી ડ્રો કરી પ્રતિસ્પર્ધી ટીમો અને ક્રમ નકકી કરવામાં આવ્યો.

સૌ પ્રથમ સ્પર્ધા બીલીમોરા અને પાલ ટીમ વચ્ચે મેચ રમાડવામાં આવી. જેમાં બીલીમોરા ટીમે પ્રથમ દાવ લઇ નિર્ધારિત ઓવરમાં ૪૬ રનનો સ્કોર કર્યો જેના જવાબમાં પાલ ટીમે મજબુત દેખાવ સાથે સાત વિકેટે વિજય મેળવી સેમી ફાયનલમાં પ્રવેશ કર્યો જેમાં પાલના હિતેશભાઇને મેન ઓફ ધી મેચ જાહેર કરવામાં આવ્યા.

બીજી સ્પર્ધા સુરત-A અને સુરત -B ટીમ વચ્ચે રમાડવામાં આવી જેમાં સુરત-A ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ લઇ ૯૭ રન બનાવ્યા જેની સામે સુરત-B ટીમે ૪૭ રનનો સ્કોર જ બનાવી શકી. અને સુરત-A ટીમે સેમી ફાયનલ મેચ માટે દ્વિતીય પ્રવેશ કર્યો આ મેચમાં સુરત-એ ટીમના આશિષ પંચોલી મેન ઓફ ધ મેચ જાહેર કરાયા.

ત્રીજી સ્પર્ધા અંકલેશ્વર અને વડોદરા ટીમ વચ્ચે રમાડવામાં આવી. જેમાં અંકલેશ્વર એકમે પ્રથમ દાવ લઇ ૪૪ રનનો સ્કોર કર્યો જેના જવાબમાં વડોદરા ટીમે વિજય સ્કોર કરી જીત મેળવી સેમી ફાયનલમાં પ્રવેશ કર્યો. રાજપીપલાના કેયુર પંચોલીને મેન ઓફ ધ મેચ જાહેર કરાયા.

ચોથી મેચ વ્યારા તથા રાજપીપલા ટીમ વચ્ચે રમાડવામાં આવી. જેમાં વ્યારા એકમે પ્રથમ દાવ લઇ ૪૪ રનનો સ્કોર કર્યો જેના જવાબમાં વડોદરા ટીમે સેમી ફાયનલમાં પ્રવેશ કર્યો. રાનપીપલા ટીમના કેયુરભાઇના સુંદર પ્રદર્શન બદલ તેમને મન ઓફ ધી મેચ જાહેર કરાયા.

સેમી ફાયનલનો દોર શરૂ થયો. જેમાં પ્રથમ સેમી ફાયનલ પાલ અને વડોદરાની ટીમ વચ્ચે રમાડવામાં આવી. પાલ ટીમે પ્રથમ દાવ લઇ ૪૯ રનનો સ્કોર કર્યો જેને વડોદરાની ટીમે નિરધારિત ઓવરમાં વિજયી સ્કોર કરી જીત મેળવી ફાયનલ મેચમાં રમવા અંગે દાવેદારી નોંધાવી. વડોદરા ટીમના અભય પંચોલીને મેન ઓફ ધ મેચ જાહેર કરાયા.

બીજી સેમી ફાયનલ સુરત અને રાજપીપલા ટીમ વચ્ચે રમાઇ જેમાં સુરતની ટીમે પ્રથમ દાવ લઇ નિર્ધારિત ઓવરમાં ૭૭ રન કર્યા જેના જવાબમાં રાજપીપલાની ટીમ વિજયી સ્કોર નહી કરી શકતા સુરતની ટીમને વિજયી જાહેર કરવામાં આવી અને સુરતની ટીમે ફાયનલ મેચ રમવાની દાવેદારી નોંધાવી. સુરતની ટીમના પાર્થ મારફતિયાના ઉત્કૃષ્ટ દેખાવ બદલ મેન ઓફ ધ મેચ જાહેર કરાયા.

ફાયનલ શરૂ થતા મેદાનમાં શાંતિનો માહોલ છવાઇ ગયો અને દરેક જ્ઞાતિજન પોતાની બેઠક પર ગોઠવાય ગયા. મેચની શરૂઆત વડોદરાની ટીમે ટોસ જીતીને કરી અને વડોદરાની ટીમના સમર્થકોમાં ખુશીનો માહોલ છવાય ગયો. અને ટીમને ચીયર કરવા ગોઠવાય ગયા. સુરત ટીમને પ્રથમ દાવ આપવાનો નિર્ણય વડોદરાની ટીમ દ્વારા લેવામાં આવ્યો. સુરત ટીમે ખૂબ જ સુઝબુઝ પૂર્વક સાથે રમત રમી ૮ ઓવરમાં ૬૭ રનનો સ્કોર કર્યો. જેના જવાબમાં વડોદરાની ટીમે ખુબ જ આક્રમક શરૂઆત કરીને પ્રથમ ૩ ઓવરમાં મેચ પર પકડ મેળવી લીધી. સુરતની ટીમે ખુબ જ ધીરજ અને સુઝબુઝ પૂર્વકની બોલિંગ અને ચુસ્ત ફિલ્ડીંગ પર નિયંત્રણ કરી ધીમે ધીમે મેચ પર પકડ બનાવવાની શરૂઆત કરી અને આખરી ઓવરમાં અંતિમ બોલ સુધી રસાકસી મેચનો અનુભવ જ્ઞાતિજનોએ કર્યો. રસાકસીના આ મહોલમાં વડોદરાની ટીમ રનનો ટાર્ગેટ પૂરો નહી કરી શકતા સુરતની ટીમે ફાયનલ મેચમાં જીત મેળવી. વડોદરાની ટીમને રર્નર અપ તરીકે જાહેર કરાયું. સુરતની ટીમના ચિંતન ગજ્જરને ઉત્કૃષ્ટ દેખાવ બદલ મેન ઓફ ધી મેચ જાહેર

કરાયા. સમગ્ર કાર્યક્રમમાં ડી.જે. અને ઢોલીના તાલે લોકો મન મુકીને નાચ્યા અને આનંદ માણ્યો.

ટ્રોફી વિતરણનો સમય આવી ગયો. અને મેન ઓફ ધી મેચના ઉપરોકત વિજેતાઓ ઉપરાંત નીચે મુજબની ટ્રોફીઓ વિવિધ દાતાઓ અને કારોબારી સભ્યો દ્વારા આપવામાં આવી. મેન ઓફ ધી સીરીઝ અને બેસ્ટ બોલર ઓફ ધી ટુર્નામેન્ટ આશિષ પંચોલી(સુરત) બેસ્ટ બેટસમેન એન્ડ સીકસર કિંગ ઓફ ધી ટુર્નામેન્ટ-પાર્થ મારફતિયા-સુરત, બેસ્ટ કીપર ઓફ ધી ટુર્નામેન્ટ-ચિંતન ગજ્જર-સુરત, બેસ્ટ ફિલ્ડર ઓફ ધી ટુર્નામેનટ - રાહુલ પંચોલી-વડોદરા.

ટ્રોફી સ્પોન્સર શ્રી કમલેશ જરીવાલા, મહામંડળના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ પંચોલી તથા સુરત જ્ઞાતિ પંચના ઉપપ્રમુખ શ્રી કમલેશભાઇ ગજ્જરના વરદ હસ્તે રનર્સ અપ ટીમ વડોદરાને ટ્રોફી એનાયત કરવામાં આવી.

ટ્રોફી સ્પોન્સર સ્વ. દીપકભાઇ બાલકૃષ્ણ જરીવાલાના ધર્મપત્ની માનનીય યુતીબેન દીપકભાઇ જરીવાલા. મહામંડળના પ્રમુખ શ્રી હેમંતભાઇ મિસ્ત્રી, સુરત પંચના પ્રમુખ શ્રી મુકેશભાઇ પંચોલી દ્વારા સુરતની વિજેતા ટીમને વિજેતા ટ્રોફી એનાયત કરવામાં આવી.

સમગ્ર ટુર્નામેન્ટમાં નિર્વિવાદ એમ્પાયરીંગ બદલ એકસ્ટર્નલ એમ્પાયરનું પણ ટ્રોફી આપી અભિવાદન કરવામાં આવ્યું. એમ્પાયરના ઇશારાથી એકયુરેટ સ્કોરીંગ બદલ શ્રી જયેશભાઇ પંચોલી અને શ્રી કેતનભાઇ પંચોલી(મુન્નાભાઇ)નું પણ અભિવાદન કરાયુ, મેચના ઉત્સાહમાં વધારો કર્યો નવસારીના પ્રણવભાઇ અને સુરતના દીપકભાઇ ગાંધી દ્વારા પ્રોફેસનલ કોમેન્ટરી આપીને તેમનું હર્ષોલ્લાસથી અભિવાદન કર્યુ. આ સમગૂ ટ્રોફી વિતરણ કાર્યક્રમમાં જ્ઞાતિજનોની તાળીઓના ગડગડાટ, ઢોલી અને ડી.જે.નો અનોખો સમન્વય ઉત્સાહમાં અનેરો વધારો કરી રહ્યો હતો.
કાર્યક્રમની પ્રર્ણાહુતિ તરફ આગળ વધતા મંત્રીશ્રી ધવલ પંચોલી દ્વારા આભાર દર્શન કર્યુ..

અમો આભારી છીએ.....
આ મહોત્સવમાં પોતાનું યોગદાન આપવા બદલ નામી-અનામી દરેક ના...
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના..
વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટીની કમિટિના કે જેમણે ગ્રાઉન્ડ તથા અન્ય વ્યવસ્થા મેળવી આપવા બદલ...
ગ્રાઉન્ડ તથા અન્ય વ્યવસ્થા મેળવી આપવા બદલ શ્રી નિશિકાંતભાઇ મિસ્ત્રીના...
સુરત કારોબારી સભ્યોએ અભુતપૂર્વ સહકાર આપનાર એવા શ્રી અમૃતલાલ મહેતા, હેમંત જરીવાલા, સંજય જરીવાલા, નિલેશ પંચોલી, ધર્મેશ મહેતા, મનોજભાઇ ગજ્જર, દક્ષયભાઇ ગજ્જર, રાજેન્દ્રભાઇ મિસ્ત્રી, મોરલીભાઇ ઝવેરી, જતીનભાઇ પંચોલી, રાજેશભાઇ ગાંધી તથા અન્ય કારોબારી સભ્યોના કે જેમણે પાસ વિતરણથી લઇ ચા-નાસ્તો, જમણવાર, ગાઉન્ડ પરની વ્યવસ્થા, ફાયનાન્સ અને અન્ય જવાબદારોઓ નિભાવવા બદલ..
સમાજની પડખે હંમેશા રહેવાની ભાવના રાખનાર ચા-નાસ્તો અને જમણવારની સંપૂર્ણ જવાબદારી ઉપાડનાર એવા શ્રી મનિષભાઇ બાલકૃષ્ણભાઇ જરીવાલાના...
બે વર્ષથી મહોત્સવના આયોજન દરમિયાન ઘણી ટેકનીકલ અને નોન ટેકનીકલ સમસ્યાઓ અંગે જરૂરી માર્ગદર્શન અને પીઠબળ આપનાર મહામંડળ પ્રમુખ શ્રી હેમંતભાઇ તથા ડો. મહેશભાઇ મિસ્ત્રીના..
મહામંડળ તથા સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો... ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ, મહામંત્રીશ્રી નિશિકાંતભાઇ, સહમંત્રીશ્રી દેવાંગભાઇ, ખજાનચી શ્રી ઉમેશભાઇ, ફાયનાન્સ બોર્ડના ડો. મહેશભાઇ મિસ્ત્રી તથા કમલેશભાઇ ગજ્જર, તબીબી સેવા સંકુલના અધ્યક્ષ શ્રી ડો. વિસ્મયભાઇ તથા મંત્રીશ્રી પારસભાઇ મિસ્ત્રી, મહિલા સંગઠનના અધ્યક્ષા શ્રીમતિ શોભાબેન, સમાજ સુરક્ષા યોજનાના મંત્રી શ્રી રાજેશભાઇ ગાંધી અને સહમંત્રી શ્રી કિશોરભાઇ મિસ્ત્રી, સી.ટી.સ્મારકનિધિના અધ્યક્ષ શ્રી ધવલભાઇ અને મંત્રીશ્રી દક્ષયભાઇ ગજ્જર, સ્વયં કો-ઓર્ડિનેટર

શ્રી પ્રણવભાઇ પંચોલી અને ટવીન્કલબેન સર્વેએ સમય કાઢી આમંત્રણને માન આપી હાજરી આપવા બદલ...

સમયકાળ દરમ્યાન સુરત એકમને આ કાર્યક્રમના આયોજનની પ્રેરણા આપનાર પાસ્ટ પ્રેસીડન્ટ શ્રી મનિષભાઇ પંચોલીના..

મહામંડળના પ્રેરણાત્મક ક્રિકેટમહોત્સવને સહકાર આપી સફળ બનાવનારા તથા ખેલદીલી પૂર્વક અને હકારાત્મક અભિગમ સાથે ક્રિકેટ મેચ રમનારા..સુરત, બીલીમોરા, અંકલેશ્વર, પાલ, રાજપીપલા, વડોદરા અને વ્યારા એકમોના....

ક્રિકેટ મહોત્સવ-૨૦૧૮ની જ્ઞાતિજનોને સંપૂર્ણ માહિતી પહોચાડનાર પંચોલી નવયુગ તથા વેબ સાઇટના...

આ મહોત્સવમાં અમોને મન ખોલીને આર્થિક સહાય આપનાર દાતાશ્રીઓના પણ ખૂબ ખૂબ આભારી છીએ.

૨૫,૦૦૦ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

૩૧,૦૦૦ સ્વ. દીપકભાઇ બાલકૃષ્ણ જરીવાલાના સ્મરણાર્થે ટ્રોફી સ્પોન્સર હસ્તે પ્રિયવત જરીવાલા અને કમલેશભાઇ બીપીનભાઇ જરીવાલા હસ્તે કૃણાલ જરીવાલા

શ્રી ઇશ્વરલાલ અમૃતલાલ પંચોલી-મંડપ સ્પોન્સરમાં ૫૦%નું યોગદાન આપ્યું.

**ગ્રાઉન્ડ સ્પોન્સર**

૧૧,૦૦૦ શ્રી કૌશિકકુમાર કેશવભાઇ પંચોલી
૧૧,૦૦૦ શ્રી ચેતનકુમાર હસમુખલાલ પંચોલી
૧૦,૦૦૦ શ્રી અશ્વિનભાઇ મનહરભાઇ પંચોલી

**ડી.જે. અને ઢોલી સ્પોન્સર**

શ્રી ઋષભ કમલેશભાઇ જરીવાલા

**જમણવાર સ્પોન્સર**

૫,૦૦૦ શ્રીમતિ હિનાબેન જનકભાઇ પંચોલી
૫,૦૦૦ શ્રી ભોગીલાલ નગીનદાસ પંચોલી
૫,૦૦૦ શ્રી તેજશકુમાર અશોકભાઇ પંચોલી
૫,૦૦૦ શ્રી અશ્વિનભાઇ ચીમનલાલ પંચોલી
૫,૦૦૦ ગં.સ્વ. કુસુમબેન પરસોત્તમદાસ પંચોલી
હ. જનકભાઇ પંચોલી
૫,૦૦૦ શ્રી રાજેન્દ્રભાઇ જેકીશનદાસ મિસ્ત્રી
૫,૦૦૦ શ્રી બાલકૃષ્ણ સાકેરલાલ જરીવાલા
હ. મનિષભાઇ જરીવાલા
૫,૦૦૦ શ્રી હેમંતભાઇ છગનલાલ મિસ્ત્રી
૫,૦૦૦ સ્વ. લક્ષ્મીબેન હસમુખલાલ ગજ્જર
હ. હિમાંશુભાઇ અને પૂર્ણિમાબેન ગજ્જર
૫,૦૦૦ શ્રીમતિ રેખાબેન નિશિકાંત મિસ્ત્રી

**ચા-કોફી સ્પોન્સર**

૨,૫૦૦ શ્રી મિહિર જતીનભાઇ પંચોલી
૨,૫૦૦ શ્રી દિપકભાઇ સન્મુખભાઇ ગાંધી
૨,૫૦૦ શ્રી પદ્માકાંત ગણપતલાલ પંચોલી
૨,૫૦૦ શ્રી દેવાંગભાઇ સૂર્યકાંત પંચોલી
૨,૫૦૦ શ્રી દક્ષય પ્રફુલચંદ્ર ગજ્જર
૨,૫૦૦ શ્રી નટવરલાલ રતિલાલ કાપડિયા
૨,૫૦૦ ડો. મહેશભાઇ મોહનલાલ મિસ્ત્રી
૨,૫૦૦ શ્રીમતિ વિણાબેન કનૈયાલાલ પંચોલી
૨,૫૦૦ શ્રીમતિ હેલી કૃણાલ મિસ્ત્રી(દુબઇ)
હ. શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી

**ડ્રેસ સ્પોન્સર**

૫,૦૦૦ શ્રી રાકેશ પંચોલી-વીઝા ટુર્સ
૨,૫૦૦ શ્રી સંદિપ ઇન્દ્રવદન છાપાવાલા
૨,૫૦૦ શ્રી ચિંતન ભદ્રેશકુમાર ગજ્જર-ઓટો વિંગ

**ફોટોગ્રાફી સ્પોન્સર**

શ્રી પ્રિયેશ કિશોરભાઇ પંચોલી અને શ્રી સંદિપ ઇન્દ્રવદન છાપાવાલા


૨૫૦ શ્રી બીલીમોરા મહિલા મંડળ
૨૫૦ શ્રી રાજપીપલા એકમ
૨૦૦ ડો. વિસ્મય મિસ્ત્રી-અંકલેશ્વર
૨૦૦ શ્રી પંચોલી સેવા માજ, અંકલેશ્વર
૫૦૦ શ્રી પારસભાઇ મનુભાઇ મિસ્ત્રી-અંકલેશ્વર
૫૦૦ શ્રી સમીરભાઇ લાકડાવાલા
૫૦૦ શ્રી શ્રીકાંતભાઇ ગમનલાલ પંચોલી-સુરત
૫૦૦ શ્રી ચેતન ઇન્દ્રવદનભાઇ પંચોલી-સુરત
૫૦૦ શ્રી રોહન હિતેનદ્રભાઇ પંચોલી-સુરત
૨૦૦ શ્રી પ્રણવભાઇ પંચોલી-નવસારી
૨૫૦ શ્રી મનોજભાઇ નવિનચંદ્ર ગજ્જર-સુરત

મુકેશ કે. પંચોલી-પ્રમુખ ધવલ જે. પંચોલી-મંત્રીશ્રી
ઉમેશ બી. પંચોલી-ખજાનચીશ્રી
શ્રી સુરત પંચોલી સમસ્ત જ્ઞાતિ પંચ

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
## સ્વ. અ.સૌ. ભગવતીબેન અને સ્વ. શ્રી મણીલાલ ભુલાભાઈ પંચોલી ના સ્મરણાર્થે સમાજના શ્રેષ્ઠ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને પ્રોત્સાહક ઈનામ વ્યાજ વપરાશ ફંડ



**સ્વ.અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલી**
જ.તા. ૧.૧.૧૯૩૪ સ્વર્ગવાસ ૨૯.૧૧.૧૧



**સ્વ. શ્રી મણીલાલ ભૂલાભાઈ પંચોલી**
જ.તા. ૧.૧.૧૯૨૭ સ્વર્ગવાસ : ૯.૬.૨૦૧૨

સમાજના વિદ્યાર્થીઓ વધુને વધુ પ્રગતિ કરે અને સમાજનું નામ રોશન કરે એવા હેતુથી સમાજના શ્રેષ્ઠ એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીનીને દર વર્ષે પ્રોત્સાહક રોકડ ઈનામ આપવા માટે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને રૂા. ૧,૧૧,૧૧૧/- (એક લાખ અગીયાર હજાર એકસો અગીયાર)નું દાન ભંડોળ વ્યાજ વપરાશ ફંડ તરીકે મુંબઈના શ્રી કિરણભાઈ મણીલાલ પંચોલી પરિવાર તરફથી મળ્યું છે.

વર્ષ ૨૦૧૭ની મહામંડળની સામાન્ય સભામાં નક્કી થયા મુજબ પંચોલી નવયુગમાં આવેલ માહિતી માંથી જ મહામંડળના પ્રમુખશ્રી, સી.ટી.સ્મારક નિધિના પ્રમુખશ્રી-મંત્રીશ્રી તથા દાતાના પ્રતિનિધિની બનેલ ૪ જણની સમિતિ પોષ્ટ ગ્રેજ્યુએટને ઈનામ આપવા અંગે નિર્ણય લેશે, જે આખરી નિર્ણય ગણાશે..

વર્ષ ૦૧/૦૪/૨૦૧૭ થી ૩૧/૦૩/૨૦૧૮ માટે સમિતિ **શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે : મિલાપ ચેતન પંચોલી**-MSc.ITC(વ્યારા) અને **શ્રેષ્ઠ વિદ્યાર્થીની તરીકે : શ્વેતા હેમંત મિસ્ત્રી** -M.P.T Musculoskeletal-સુરત ને વિજેતા જાહેર કરે છે.

ઈનામ રૂા. ૩,૦૦૦/- વિદ્યાર્થી દીઠ હાથોહાથ આગામી ૨૦૧૯ની સામાન્ય સભામાં આપવામાં આવશે..

વ્યાજમાંથી નવયુગને પણ દર વર્ષે રૂા. ૧૫૦૦/- જાહેરાત પેટે મળશે...

**શુભેચ્છક**

શ્રી કિરણ મણીલાલ પંચોલી — અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
શ્રી કૌશલરાજ કિરણ પંચોલી — અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી
ચિ. ધ્યાના કૌશલરાજ પંચોલી
શ્રી અક્ષર જયેશભાઈ ગાંધી — અ.સૌ. હેતલ અક્ષર ગાંધી

૨૦૨, રજે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ, બ્રહ્માકુમારી સૅન્ટર સામે, પ્લૉટ ૬-ડી, દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૪ AS. ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨

**શ્રી હેમંતભાઈ સી. મિસ્ત્રી**
**પ્રમુખ**

**શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી**
**માનદ્ મહામંત્રી**

**શ્રી ધવલકુમાર જે. પંચોલી**
**અધ્યક્ષ-સી.ટી.સ્મારક નિધિ**

**શ્રી દક્ષયભાઈ પી. ગજ્જર**
**મંત્રી-સી.ટી.સ્મારક નિધિ**

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સ્થાપના વર્ષ-૧૯૭૨(રજી. નં. એ/૧૮૨૨/ભરૂચ)
સંચાલિત

# વિધવા/નિરાધાર/આર્થિક/વિકલાંગ સહાય અરજી પત્ર

❖ અરજદારનું નામ :.............................................................................................................

અરજદારની ઉંમર : ...................વર્ષ. અરજદાર હાલમાં શું કાર્ય / વ્યવસાય કરે છે :........................................

❖ પત્ર વ્યવહાર માટેનું સરનામું : ..........................................................................................

.......................................................................... પીનકોડ નં. : ...........................................

❖ ફોન નં. ............................................................... મોબાઈલ નં. : ...........................................

❖ અરજદારના કુટુંબના સભ્યની વિગતો :

| ક્રમ | નામ | ઉંમર | અરજદાર સાથેનું સગપણ | માસિક આવક |
|---|---|---|---|---|
| ૧ | ......................................... | .......... | ...................... | ...................... |
| ૨ | ......................................... | .......... | ...................... | ...................... |
| ૩ | ......................................... | .......... | ...................... | ...................... |
| ૪ | ......................................... | .......... | ...................... | ...................... |

❖ અરજદારના બેંકના ખાતાની વિગત :..........................................................................................

**અરજી સાથે અરજદારના બેંક ખાતાના નામ સાથેના ચેકની ઝેરોક્ષ બીડવી, પાસ બુકના પ્રથમ પાનાની તથા છેલ્લી એન્ટ્રીવાળા ઝેરોક્ષ બીડવી ફરજીયાત છે.**

❖ અરજદાર પોતાની ઘરમાં રહે છે ? હા/ના, ભાડાના ઘરમાં રહેતા હોય તો માસિક ભાડાની વિગત : રૂા.:......................

❖ અરજદાર એકલા રહે છે કે અન્ય કોઇ સાથે, વિગત સહિત જણાવવું : ....................................................

❖ અરજદારને સરકારશ્રી /અન્ય તરફથી મળતી સહાય રૂા. .......................... ફરજીયાત

❖ અરજદારને સ્થાનિક એકમ તરફથી મળતી વાર્ષિક સહાય રૂા. .......................... ફરજીયાત

❖ અરજદારને યુ.કે. તરફથી મળતી વાર્ષિક સહાય : રૂા. .......................... ફરજીયાત

❖ અરજદારતરફથી અન્ય રજુઆત હોય તો : ...............................................................................

.................................................................................................................................

❖ તમારી પસંદગી પર ટીક કરો.. સાડી/પેન્ટ પીસ ☐ સાડી પેન્ટપીસ માટે રોકડ સહાય ☐

........................................

અરજદારની સહી

**અરજી મોકલવાનું સરનામું**

મહામંત્રીશ્રી

**શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી**

૩૩, દેવદીપ સોસાયટી, સરગમ શોપીંગ સેન્ટર સામે, પાર્લે પોઇંટ, સુરત-૩૯૫ ૦૦૭

મો. ૯૮૨૫૦ ૮૧૩૫૯

**નોંધ :** ❖ સંપૂર્ણ ફોર્મ ભરવું, ફોર્મ અધુરુ હશે તો આપો આપ રદ થવાને પાત્ર રહેશે.

❖ ફોર્મની કોઇપણ વિગત ખોટી માલુમ પડશે તો તેવા અરજદારની અરજી બીજા વર્ષ માટે પણ અસ્વીકાર્ય રહેશે..

ફોર્મના તમામ ખાના/ફિલ્ડ ભરવા ફરજીયાત છે. જેની ખાસ નોંધ લેવી

(પાછળ જુઓ)

# ભલામણ પત્ર

અરજદારને હું અંગત રીતે ઓળખું છે તથા તેઓએ અરજીપત્રકમાં ભરેલી તમામ વિગતો તપાસીને ખાત્રી કરી છે. અને તે તમામ વિગતો સાચી છે. આથી અરજદાર શ્રી.................................................................
ને મદદ કરવા મારી ભલામણ છે.
એકમનું નામ : ................................ભલામણ કર્તા પ્રમુખ/મંત્રી/
મહામંડળના નવા હોદ્દેદાર/માજી હોદ્દેદાર ભલામણ કરી શકશે.
ભલામણ કર્તાનું નામ : .............................. સહી : .........................
ભલામણ કર્તાનો કોન્ટેકટ નં. : ...........................તારીખ ...................

એકમ સંસ્થાનો સ્ટેમ્પ

(૧) સહાય માટેની અરજી ૧લી જુનપહેલા મળે તે રીતે મોકલવી, ત્યારબાદ મળેલી અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.
(૨) સહાય માટેની અરજી દર વર્ષે કરવાની રહેશે.
(૩) ભલામણ કર્તાને તમામ વિગતો, હકીકત ચકાસ્યા બાદ જ ભલામણ કરવા વિનંતી.
(૪) ભલામણ કર્તાએ પણ પોતાનું નામ, હોદ્દો અને ભલામણ કર્યાની તારીખ જરૂર લખવી.

## વ્યાજ વપરાશ ફંડ

| ક્રમ | દાતાઓના નામ | મળેલ દાન |
|---|---|---|
| (૧) | સ્વ. ચંચળબેન(ભીખીબેન ખુશાલભાઇ પંચોલી- ચીખલી | ૬,૮૧,૧૬૨.૬૬ |
| (૨) | માતૃ-પિતૃ પૂજન ફંડ | ૫,૩૫,૦૦૦.૦૦ |
| (૩) | અ.સૌ. વીરમતીબેન જમનાદાસ પંચોલી-મુંબઇ | ૨,૦૧,૦૦૦.૦૦ |
| (૪) | શ્રી ઠાકોરભાઇ મોરારભાઇ પંચોલી-લેસ્ટર | ૧,૨૨,૨૨૨.૦૦ |
| (૫) | માતુશ્રી તાપીબેન ઘેલાભાઇ ટ્રસ્ટ-મુંબઇ | ૧,૧૧,૧૧૧.૦૦ |
| (૬) | સ્વ. છગનલાલ હરગોવનદાસ પંચોલી-લેસ્ટર | ૧,૦૧,૦૦૦.૦૦ |
| (૭) | તબીયત પાર્ટી-લેસ્ટર | ૫૧,૦૦૦.૦૦ |
| (૮) | સ્વ. વિજયાબેન, સ્વ. ઠાકોરભાઇ એન. મિસ્ત્રી અને સ્વ.પુષ્પાબેન પરસોત્તમભાઇ વ્યારા | ૫૧,૦૦૦.૦૦ |
| (૯) | ગં.સ્વ. પુષ્પાબેન ભાષ્કરભાઇ ગાંધી-સેલવાસ | ૫૦,૦૦૦.૦૦ |
| (૧૦) | એક સજ્જન તરફથી | ૧૧,૧૧૧.૦૦ |
| (૧૧) | સ્વ. પાર્વતીબેન ભગવાનજી પંચોલી-મુંબઇ<br>હસ્તે જમનાદાસ ભગવાનજી પંચોલી | ૧૦,૬૧૬.૦૬ |
| (૧૨) | સ્વ. પરમાનંદભાઇ ડી. ગજ્જર-સુરત | ૫,૦૦૦.૦૦ |
| (૧૩) | ગં.સ્વ. લલીતાબેન છગનભાઇ મિસ્ત્રી-સુરત | ૫,૦૦૦.૦૦ |
| (૧૪) | કેશવલાલ એમ. મિસ્ત્રી-ગણદેવી | ૫,૦૦૦.૦૦ |

# કાઈપો જ છે..... (બાળવાર્તા)

પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી
અમદાવાદ



પર્વતની તળેટીમાં ખળખળ વહેતી નદીના કિનારે એક નાનકડું ગામ હતું, ગામનું નામ સરસપુર. ગામમાં લગભગ દોઢશો એટલે કે એકસો ને પચાસ જેટલા નાના- મોટા, કાચા- પાકા ઘરો હતા. ગામમાં શાકભાજીની દુકાન હતી, તો કરિયાણા (અનાજ – કઠોળ) ની પણ દુકાન હતી, કપડા સીવનાર દરજીની દુકાન હતી, અને ચપ્પલ બુટ સીવનાર મોચીની દુકાન હતી, માટલાં- કોડિયા બનાવનાર કુંભારનો ચાકડો હતો અને વાસણ બનાવનાર કંસારાની દુકાન હતી, હળ- દાતરડી જેવા ઓજારો બનાવનાર લુહારની દુકાન હતી અને ઘરેણા બનાવનાર સોનીની દુકાન હતી. એક તરફ એક નાનકડું દવાખાનું હતું, ડોક્ટર માંદા માણસોને દવા આપીને સાજા કરતા. ગામને પાદરે એક નાનકડી નિશાળ હતી, છોકરાઓ ત્યાં ભણવા જતા, રીસેસમાં રમતા અને વેકેશનમાં મજા કરતાં. ખેડૂત લોકો ખેતરમાં કામ કરીને અનાજ – કઠોળ – શાકભાજી – ફળો પકવતા. સ્ત્રીઓ ઘર સંભાળતી, રસોઇ બનાવતી, પશુઓની અને છોકરાઓની સંભાળ રાખતી. બધા સંપીને સારી રીતે રહેતા હતા. હોળી, ધૂળેટી, નવરાત્રી , દિવાળી જેવા તહેવારો ખુબ સાદાઈથી અને આનંદથી બધા સાથે મળીને ઉજવતા. ગામના એક છેડે નાનકડું હરિયાળું એટલે કે લીલું છમ્મ ઉધાન હતું, લોકો એને 'બાગ' કે 'બગીચા' ના નામે ઓળખતા. બગીચામાં ખુબ બધા ઝાડ હતા, ઝાડ પર ચકલી, કોયલ, કબુતર, કાગડા, પોપટ, મેના, જેવા પક્ષીઓ વસતા હતા, નાનકડી ખિસકોલીઓ આમ તેમ દોડાદોડી કરતી તે જોવાની મઝા આવતી. ક્યારેક બંદરસેના એટલે કે વાંદરાઓનું ટોળું પણ આ બાગમાં આવી જતું, નાના નાના બાળવાંદરાઓ માતાના પેટને વળગીને નાની નાની આંખોથી બધું તાકી તાકીને જોતા. બાળકો આ બગીચામાં રમવા જતા, ઝાડને બાંધેલા દોરડાથી હિંચકા ખાતા, વડીલો બાંકડે બેસીને સૂરજનો કુમળો તડકો ખાતા અને ગપાટા (વાતચીત) મારતા.ગામને પાદરે એક શિવમંદિર હતું, મંદિરના પૂજારી વાળી ઝૂડીને મંદિર ચોખ્ખું રાખતા, દીવો સળગાવતા, અગરબત્તી સળગાવતા, ભગવાનની આરતી ઉતારતા અને ભજનો ગાતા, લોકો ભગવાનને પ્રણામ કરવા અને પ્રાર્થના કરવા આવતા, બહેનો મંદિરમાં આવીને વ્રત અને જપ કરતી. તહેવારના દિવસે સત્યનારાયણની કથા પણ થતી. મંદિરમાં થત ઘંટારવથી વાતાવરણ પવિત્ર લાગતું. લોકો પૂજારીને પ્રણામ કરીને દાન દક્ષિણા આપતા. ગામના સરપંચ ચીમનભાઇ પટેલ ગામનું અને ગામના લોકોનું ધ્યાન રાખતા. સરપંચના પત્ની રમીલાબેન ને બધા 'પટલાણી' કહીને બોલાવતા, પટલાણીને સારા સારા વસ્ત્રો અને ઘરેણા પહેરવાનો શોખ હતો, બાજુના શહેરમાં જઇને પટેલ અને પટલાણી કપડા અને ઘરેણા ખરીદી લાવતા અને શહેરમાં પરણાવેલી મોટી દીકરીને મળી પણ આવતા. સરપંચ અને પટલાણીના નાના દીકરાનું નામ લક્ષ્મણ હતું, બધા એને 'લખન' કહીને બોલાવતા. લખનની પાસે જાતજાતના અને ભાતભાતના રમકડાં હતા. ચાવીથી ચાલતી કાર, બેટરીથી ચાલતી ટ્રેન, લાઇટ ઝબુકે એવો બોલ, ક્રિકેટરો વાપરે એવી મસ્ત મસ્ત બેટ અને ઘણું બધું. એ પોતાના રમકડાં બધાને બતાવતો, પણ કોઇને રમવા આપતો નહિ, અડકવા પણ ન દેતો.એકવાર ઉત્તરાયણ – મકરસંક્રાંતિ એટલે કે પતંગ ચગાવવાનો ઉત્સવ આવ્યો. ઘરે ઘરે મમરા – તલ અને શીન્ગના લાડુ અને ચીકી બનવા માંડી. ગરમ થતાં ગોળની સુગંધ નાકમાં પેસી જઈને ખાવા માટે લલચાવવા માંડી. બોર અને જમરુખ નામના ફળોના ઢગલે ઢગલા આવવા માંડ્યા. વડીલો બાળકો માટે પતંગ અને દોરી ભરેલી ફીરકીઓ લઇ આવ્યા. બાળકો ઉત્તરાયણના આગલા દિવસે પતંગોને કિન્ના બાંધવામાં પ્રવૃત્ત એટલે કે બીઝી થઇ ગયા. ઉત્તરાયણ ના દિવસે સ્કુલમાં રજા હતી, એટલે બાળકો તો પતંગ અને દોરી લઇને નીકળી પડ્યા, આકાશ સ્વચ્છ હતું અને પવન

પણ સરસ હતો.આકાશ આખું રંગ બેરંગી પતંગોથી શોભી ઉઠ્યું. આકાશમાં ઉડતાં પક્ષીઓ શરૂઆતમાં મૂંઝાઇ ગયા, પણ પછીથી પતંગોની વચ્ચેથી કેમ ઉડવું તે એમણે શીખી લીધું. થોડા પતંગો વચ્ચે પેચ પણ થયા, અને 'કાઇપો છે..' ના નારાથી વિજેતા પતંગવાળાઓએ નારા પણ લગાવ્યા. રવિએ મોરાનો પતંગ કાપ્યો, મોરાએ છોટુનો પતંગ કાપ્યો, છોટુએ રમણનો પતંગ કાપ્યો, રમણે રવિનો પતંગ કાપ્યો, એમ બધાએ પતંગ ચગાવવાની અને કાપવાની મઝા લીધી. થોડીવાર પછી લખન એની દોરી અને પતંગ લઇ આવ્યો, અને હુંકાર કર્યો, 'એય, હવે તમારા બધાની ખેર નથી, મારો પતંગ ચગે એટલી જ વાર, તમને બધાને ધૂળ ચાટતા કરું છું, જોઇ લેજો.' બધાએ 'જા જા હવે, તું શું અમારો પતંગ કાપતો હતો, અમે જ તારો પતંગ કાપી નાખીશું' એમ કહીને લખન નો હુરિયો બોલાવ્યો. લખને ઝડપથી એનો મોટો લાલ પતંગ ચગાવ્યો, ઉંચે આકાશમાં દૂર દૂર મોકલ્યો, પતંગ સ્થિર થયો એટલે ધીરેથી રવિના પતંગ પાસે લઇ આવ્યો, બંનેના પેચ જામ્યા, રવિએ ઢીલ મુકવા માંડી, લખને પણ ઢીલ મૂકી. છેવટે રવિની ફિરકીમાં દોરી ખૂટી પડી, એટલે એણે પતંગને ખેંચ્યો, અને આ શું ? એનો પતંગ કપાઇને ડચકા ખાતો હવામાં તરવા લાગ્યો અને દૂર દૂર જઇને પડ્યો. લખને જોર જોરથી બુમો પાડવા માંડી, 'કાઇપો જ છે, કાઇપો જ છે''છોટુ, તારો ગુલાબી પતંગ ચગાવ, એનો પતંગ કાપીને એ લખનીયાને બતાવી દઇએ' અને છોટુનો મજબુત ગુલાબી પતંગ ચગાવ્યો. ઉંચે જઇને લખનના પતંગ સાથે પેચ લીધા, દોરી ખુબ હતી એટલે ઢીલ મૂકી, પણ એનો પતંગ પણ કપાઇ ગયો, પછી તો મોરા અને રમણ ના પતંગો પણ વારાફરતી કપાઇ ગયા. લખનના પતંગ ની સામે કોઇના પતંગ ટક્યા નહીં. બધા છોકરાઓએ લખનને એના બધા જ પેચ જીતવાનું કારણ પૂછ્યું તો લખને કહ્યું, 'મારા બાપુએ મારા માટે શહેરમાંથી ડબલ કાચ પાયેલી સ્પેશીયલ દોરી મંગાવી છે, સમજ્યા ?'પતંગો તો ઠીક પણ લખનની દોરીથી એક કબૂતરની પાંખ અને એક કાગડાની ડોક પણ કપાઇ ગઇ. જીવદયા મંડળી વાળા ઘાયલ કબુતર અને કાગડાને પશુઓના દવાખાને લઇ ગયા. સાંજે જીવદયા મંડળવાળાઓ સરપંચના ઘરે ગયા અને લખનની દોરીથી પંખીઓના ઘાયલ થયાના સમાચાર આપ્યા અને કહ્યું કે આવી કાચ પાયેલી દોરી લખનને વાપરવા ન આપે. સરપંચે કહ્યું, 'તહેવારના માટે તો ખાસ શહેરમાંથી દોરી મંગાવી છે અને તમે એ વાપરવાની ના પાડો છો ?' 'પણ એ ખતરનાક દોરી છે, એનાથી પંખીઓ જ નહીં બાળકો પણ ઘાયલ થઇ શકે છે, લખનને કહો એ દોરી નહીં વાપરે.' મંડળવાળાએ સરપંચને વિનંતી કરી. સરપંચે અભિમાન પૂર્વક કહ્યું, 'મારો લખન તો એ જ દોરી વાપરશે, તમારાથી થાય તે કરી લેજો.' મંડળવાળા નિરાશ થઇને સરપંચના ઘરેથી નીકળી ગયા, બધા બાળકોએ આ વાત જાણી ત્યારે તેઓ પણ ઉદાસ થઇ ગયા.ત્યાર પછીના દિવસે એટલે કે 'વાસી ઉતરાણ' ના દિવસે લખન પતંગ ચગાવવા જ ન આવ્યો, બાળકોએ એના ડર વગર આનંદથી પતંગ ચગાવ્યા. ત્રીજા દિવસે લખન આવ્યો, પણ એની પાસે પતંગ કે દોરી નહોતા તે જોઇને રવિ, મોરા,છોટુ, રમણ બધાને નવાઇ લાગી. દોસ્તોએ આનું કારણ પૂછ્યું તો લખને કહ્યું, 'શહેરમાં મારી બહેન મારા જીજાજી સાથે સ્કુટર પર જતી હતી, ત્યારે કાચ પાયેલી દોરીથી બહેનનું ગળું કપાઇ ગયું, એને દવાખાને લઇ ગયા, આઠ ટાંકા આવ્યા છે, મારી મમ્મી ત્યાં રોકાઇ છે, નિશાળમાં મારી રજા ન પડે એટલે હું બાપુ સાથે અહીં આવ્યો. કાચ પાયેલી દોરી કેટલી ખતરનાક હોય છે, તે હવે મને ખબર પડી. મને મારી ભૂલ સમજાઇ છે, મને માફ કરો દોસ્તો, હવેથી હું ક્યારેય પણ કાચ પાયેલી દોરી વડે પતંગ નહીં ચગાવું.' બધા દોસ્તોએ લખનની વાત સાંભળી, એને માફ કર્યો, અને ફરીથી એની સાથે હળીમળીને રમવા લાગ્યા.



# આજનું ચિંતન

**જીવન કેવી રીતે જીવવું.....**

મા બાપને કોઈની સામે નજર ન ઝુકાવી પડે એવી રીતે દીકરીએ જીવવું...! અને મા બાપને કોઈની સામે હાથ ન લંબાવવો પડે એવી રીતે દીકરાએ જીવવું...!

પોતાના ઘરમાં જેનું હસીને સ્વાગત થાય છે.... એ જગતનો સૌથી સુખી માણસ છે..

પ્રગતિ ભલે ધીમી થાય પણ ઇમાનદારી રાખજો. કારણકે,..મન ગમતુ બધુ મળી જાય તો જીવવાની શી મઝા... જીવવા માટે એકાદ કમી પણ જરૂરી છે..

'સપનુ' એટલે પગથિયા વિનાની સીડી.. અને.. 'ધ્યેય' એટલે નિશ્ચિત કરેલા પગથિયાં.

કિંમત ના હોય ત્યાં વહેંચાવું નહિ..!!

શબ્દ પણ ભોજન છે...

કયા સમયે કયો શબ્દ પિરસવો તે આવડી જાયને તો દુનિયામાં તેનાથી બેસ્ટ કૂક કોઈ નથી.

શબ્દો મફત છે પરંતુ તેને વાપર્યા પછી કિંમત ચૂકવવી પડે છે...

લીંબુ પાણી ખાટુ થાય તો

સાકરથી મીઠું થાય...પણ મન ખાટાં થાય તો ગમે તેટલી સાકર નાંખો, મીઠા નહીં થાય !!

પ્રેમ... માફ કરતા શીખો... કેમ કે આપણે પણ ભગવાન પાસેથી આજ આશા રાખીએ છીએ.....

## એક વાર જાવુ હરીના ધામમાં



ધમણાચા(જિ. ભરૂચ) નિવાસી ગં.સ્વ. સુશીલાબેન પરસોત્તમદાસ પંચોલી તા.૨૭.૧૨.૧૨ ૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા છે.



સુરત ગોપીપુરા નિવાસી મંજુલાબેન વજલાલ પંચોલી તા. ૧૭.૦૧.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા છે.



લેસ્ટર(યુ.કે.) નિવાસી ગં.સ્વ. મણીકાંતા(પાલીબેન) ભીખુભાઈ પંચોલી તા.૭.૦૧.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા છે.



વ્યારા નિવાસી ગં.સ્વ. ચંદ્રિકાબેન મગનલાલ પંચોલી તા. ૧૨૫.૧૨.૨૦૧૮ ના રોજ હરીના ધામમાં ગયા છે.



ગણદેવી નિવાસી ધનસુખભાઈ નાથુભાઈ મિસ્ત્રી તા.૨૩.૦૧.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા છે. ઉ.વ. : ૭૭



લેસ્ટર નિવાસી ગં.સ્વ. રમણબેન હિરાલાલ પંચોલી હરીના ધામમાં ગયા છે.

**આ નવયુગમાં આપેલ વિધવા/નિરાધાર/આર્થિક/વિકલાંગ સહાય અરજી પત્ર જરૂરીઆતમંદ જ્ઞાતિજનોએ ભરવાનું છે... જેમણે ગયે વર્ષે ભર્યુ હોય તેમણે પણ આ ફોર્મ ફરી ભરવાનું છે.. જેની નોંધ લેવી....**

નવયુગ શુભચિંતક સ્વ. છગનલાલ ઉત્તમરામ મિસ્ત્રી મુંબઈ શ્રી હરેશભાઈ નરોત્તમદાસ મિસ્ત્રી મુંબઈ

# શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ-વ્યારા
# વાર્ષિક સાંસ્કૃતિક અને પારિતોષક ઈનામ વિતરણ કાર્યક્રમ









શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારાનો વાર્ષિક, સાંસ્કૃતિક અને પારિતોષિક ઈનામ વિતરણનો કાર્યક્રમ તા. ૩૦.૧૨.૨૦૧૮ને રવિવારના રોજ શ્રી શ્યામપ્રસાદ મુખર્જી હોલ વ્યારા ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં સમારંભના પ્રમુખસ્થાને શ્રી નવિનભાઇ ચુનીભાઇ પંચોલી, અતિથિ વિશેષ તરીકે તેમના સુપુત્ર શ્રી કલ્પેશભાઇ નવિનભાઇ પંચોલી અને ભોજન અને ઇનામ વિતરણના સ્પોન્સર શ્રીમતિ હંસાબેન નવિનભાઇ પંચોલીએ સ્થાન શોભાવ્યું હતું.

સૌ પ્રથમ રાષ્ટ્રગીત જન ગન મન... સાથે કાર્યક્રમની શુભ શરૂઆત કરી હતી. કુસુમબેન, પદમાબેન, સરસ્વતીબેન, પ્રવિણાબેન તથા જ્યોત્સનાબેનની પ્રાર્થના સાથે સભાની શરૂઆત કરી હતી.

સમારંભના પ્રમુખશ્રી નવિનભાઇ ચુનીલાલ પંચોલીનું સ્વાગત શ્રી નવિનભાઇ વિઠ્ઠલદાસ પંચોલીએ, અતિથિવિશેષશ્રી કલ્પેશભાઇ નવિનચંદ્ર પંચોલીનું સ્વાગત હિતેશભાઇ ગાંધીએ તથા ભોજનસમારંભ અને ઇનામવિતરણના સપોન્સર શ્રીમતિ હંસાબેન નવિનચંદ્ર પંચોલીનું સ્વાગતશ્રીમતિ પારૂલબેન હિતેશભાઇ ગાંધીએ પુષ્પગુચ્છ આપી કર્યુ હતું.

સમાજના ટ્રસ્ટીશ્રીઓ શ્રી પ્રશાંતભાઇ ગાંધી, શ્રી નવિનભાઇ પંચોલી, શ્રી ભરતભાઇ પંચોલી અને શ્રી મનિષભાઇ પંચોલીનું સ્વાગત પુષ્પગુચ્છ આપી કરવામાં આવ્યું હતું.

સમાજના પ્રમુખશ્રી હિતેશભાઇ પ્રશાંતભાઇ ગાંધીએ સમારંભનું પ્રાસંગિક ઉદ્બોધન આપી સમાજના જ્ઞાતિજનોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. સમારંભના પ્રમુખશ્રી નવિનભાઇ અને ભોજન સમારંભ અને ઇનામ વિતરણના સ્પોન્સર શ્રીમતિ હંસાબેન નો પરિચય શ્રી નવિનભાઇ વિ. પંચોલીએ આપ્યો હતો. અને સમારંભના અતિથિવિશેષશ્રી કલ્પેશભાઇનો પરિચય શ્રી અંકિતભાઇ પંચોલીએ આપ્યો હતો. સમારંભના પ્રમુખ, અતિથિવિશેષ અને ભોજનસમારંભ અને ઇનામ વિતરણના સ્પોન્સરે સમાજના જ્ઞાતિજનો પોતાના ઉદ્બોધન સાથે નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

ત્યારબાદ સમાજના મંત્રીશ્રી દિવ્યેશભાઇ પંચોલીએ સમાજના બાળકોને ઉદ્બોધતા જણાવ્યું કે 'ભણતર વિનાનું બાળક એ પાંખ વગરના પક્ષી જેવુ છે.' બાળકોને Highir Study સુધી ભણવાની પ્રેરણા આપી હતી અને સમાજના ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઇનામ અને ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થીઓને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. જેની વિગત અહેવાલમાં અન્યત્ર પ્રકાશિત કરી છે.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં સમાજના નાના થી મોટા સૌ જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો પ્રથમ હેત, શુભ, પ્રિત, દુર્વા અને હેનિશાએ છોગાળા તારા રીમીક્ષ સોંગ પર સુંદર પરફોરમન્સ આપ્યું હતું. ત્યાબાદ સમાજના યુવાઓએ સુપ્રસિધ્ધ અભિનેત્રી શ્રીદેવીને શ્રદ્ધાંજલી અર્પણકરતુ એક રીમીક્ષ સોંગ ડોનિકા, મનાલી, રીમા,

પ્રિયંકા અને નિલમે ડાન્સ કરી રજુ કર્યુ હતું.

સમાજના પ્રમુખ શ્રી હિતેશભાઇએ પલ પલ દિલ કે પાસ સોંગ રજુ કર્યુ હતું. જ્ઞાતિજનોએ વન્સમોરના નારા સાથે વધાવી લીધું હતું.

પ્રગતિ મહિલા મંડળની બહેનોએ 'પદ્મમાવત' ફિલ્મનું સોંગ નૈનાવાલે ગીત રીનલ, વૈશાલી, ભૂમિ અને નિકિતાએ રજુ કર્યુ હતું.

મોબાઇલના સદ્‌ઉપયોગ અને દૂરઉપયોગને રજુ કરતો ડાન્સ હિમાની, દ્રષ્ટિ, ઉર્જા, એશા, ધ્વની, હેનીન અને દેવાંશીએ રજુ કર્યો એના મેકઅપની સેવા સંગીતાબેન પંચોલીએ આપી હતી.

'આધા હૈ ચંદ્રમા' સોંગ જયશ્રી હિના, ભાવના, મનિષા, મહેશ, મનિષા અને અલ્પેશે રજુ કર્યો હતો.

સ્વરયુથના યુવા ભાઇઓ તથા બહેનોએ 'ગલ બન ગઇ' રીમીક્ષ ગીત મિલાપ, જીનમ, જેયુલ, ક્રિપા, રાગી, અને ધર્મિષ્ઠાએ રજુ કર્યો. અંતમાં સમાજના બાળકોને ડાન્સ શીખવનાર કોરીયોગ્રાફરે એક સુંદર કૃતિ રજુ કરી હતી.

મંત્રીશ્રી દિવ્યેશભાઇએ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમારંભના પ્રમુખ, અતિથિવિશેષ અને ભોજન સમારંભ અને ઇનામ વિતરણના સ્પોન્સર, રસોડા સમિતિ અધ્યક્ષશ્રી હર્ષદભાઇ મિસ્ત્રી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ આનંદીબેન પંચોલી તથા તેમના સહકાર્યકર અને આખા કાર્યક્રમને સફળ બનાવનાર શ્રીમતિ જયશ્રીબેન પંચોલી અને શૈક્ષણિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ રંજનબેન પંચોલી તથા ટ્રસ્ટીશ્રીઓ, પ્રગતિ મહિલા મંડળના સભ્યો, સ્વરયુથના સભ્યો સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકો, ભાઇઓ તથા બહેનો અને રમતગમતમાં ભાગ લેનાર જ્ઞાતિજનો, રમતગમતના વિજેતા થનારને તથા મેડલ સ્પોન્સર શ્રી મયુરભાઇ પંચોલી(સાંઇ કેટરર્સ)ના તથા સાથી હોદ્દેદારોના અને કાર્યક્રમમાં સાઉન્ડ સીસ્ટમમાં મદદરૂપ થનાર શ્રી તેજ પંચોલીના અને વાડી મેનેજર શ્રી વિજયભાઇ ગાંધીના તથા દાન આપનાર દાતાશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો.

અંતે સમાજના જ્ઞાતિજનોને દિવ્યેશ પંચોલીએ 'જીતીને ઝુકીએ અને હસીને હારીએ, સંબંધોને સોનાના વરખથી શણગારીએ' કહી સૌને નવાવર્ષની શુભેચ્છાઓ પાઠવી. સૌએ સ્વાદિષ્ટ ભોજનનો રસાસ્વાદ માણી છુટા પડયા હતાં..

દાતાશ્રીઓ...

૧૧,૦૦૦ સ્વ. સુમનભાઇ છોટાલાલ પંચોલી તરફથી ૧૩મી પૂણ્યતિથિ નિમિત્તે વિધવા નિરાધાર ફંડમાં હસ્તે રંજનબેન

૨,૦૦૦ તારાબેન અને જયેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી-યુ.કે

૧,૧૧૧ મુકેશભાઇ ચુનીલાલ પંચોલી-યુ.કે.

૧,૧૧૧ પદમાબેન રામુભાઇ પંચોલી-સાંસ્કૃતિક કાર્યક્રમ

૧,૦૦૧ ધીરજમતીબેનની પૂણ્યસ્મૃતિમાં શ્રી હર્ષદભાઇ

૧,૦૦૧ ધીરૂભાઇ અને મંજુબેન પંચોલી-યુ.કે.

૫૦૧ હાર્દિક, વિરેન મિસ્ત્રીના લગ્ન પ્રસંગે હર્ષદભાઇ

૫૦૧ અશોકભાઇ જમનાદાસ ગાંધી

૫૦૧ શ્રેયા ડ્રેસ મેકર-જયંતિભાઇ ગણપતભાઇ પંચોલી

૫૦૧ જલસા પાઉભાજી-શ્રી અનિલભાઇ પંચોલી

૫૦૧ નયનાબેન બિપીનભાઇ પંચોલી

૫૦૧ વીણાબેન ભોગીલાલ મિસ્ત્રી-નવસારી

૫૦૧ જયશ્રીબેન અને દિવાકરભાઇ ભાસ્કરભાઇ ગાંધી -સેલવાસ

વિદ્યાર્થીઓની નામાવલી

| | | |
|---|---|---|
| પ્રવેશ | કાવ્યા સંદિપભાઇ પંચોલી | |
| | હેનિશા વિનયભાઇ પંચોલી | |
| ૧ | હેત વિપુલભાઇ પંચોલી | ૯૯.૭૦ |
| | શોર્ય પ્રિતેશભાઇ પંચોલી | ૯૫.૯૦ |
| | હેમશ્રી ભાવેશભાઇ પંચોલી | ૮૭.૧૭ |
| ૨ | પ્રિત રમેશભાઇ પંચોલી | ૯૭.૩૦ |
| | દેવ તેજસભાઇ પંચોલી | ૯૬.૧૭ |
| | દુર્વા રાકેશભાઇ પંચોલી | ૯૧.૬૬ |
| ૩ | રિદ્ધિ રાજેશભાઇ પંચોલી | ૯૭.૧૩ |
| | જલ મયૂરભાઇ પંચોલી | ૭૪.૧૦ |
| ૪ | રૂષાલી હિતેશભાઇ પંચોલી | ૫૫.૪૩ |
| ૫ | રીધમ સમીરભાઇ પંચોલી | ૯૨.૧૪ |
| | કશક સંદિપભાઇ પંચોલી | ૯૦.૪૨ |
| | ખુશી વિનોદભાઇ પંચોલી | ૮૫.૮૮ |
| ૬ | યુગ આશિષભાઇ પંચોલી | ૯૮.૬૩ |
| | તનીશા મયૂરભાઇ ગાંધી | ૯૫.૯૩ |
| | હિમાની નિલેશકુમાર ગાંધી | ૮૯.૭૧ |

| | | |
|---|---|---|
| ૭ | મૈત્રી ધર્મેશભાઇ પંચોલી | ૯૪.૯૩ |
| | ઉર્જા રાકેશભાઇ પંચોલી | ૮૪.૮૦ |
| | જલ્પન ભદ્રેશભાઇ પંચોલી | ૭૭.૮૭ |
| ૮ | હેમીશ તુષારભાઇ પંચોલી | ૯૮.૬૩ |
| | દ્રષ્ટિ હિતેશભાઇ પંચોલી | ૮૧.૫૭ |
| | કૈવલ વિપુલભાઇ પંચોલી | ૭૬.૮૬ |
| ૯ | વત્સલ દર્શનભાઇ પંચોલી | ૮૪.૪૩ |
| | ઇશા વિનોદભાઇ પંચોલી | ૮૩.૧૪ |
| | કિંજલ વિજયભાઇ પંચોલી | ૬૭.૨૯ |
| ૧૦ | હેત્વી નરેશભાઇ પંચોલી | ૭૬.૮૩ |
| | માલવ અવનિશભાઇ પંચોલી | ૭૩.૬૭ |
| | હેમ ધર્મેશભાઇ પંચોલી | ૫૬.૮૪ |
| ૧૧ | વલ્લરી રાજેશભાઇ ગાંધી | ૮૯.૦૦ |
| | સ્તુતી ચેતનકુમાર પંચોલી | ૬૩.૬૦ |
| | વિષ્ણુપ્રસાદ રાકેશભાઇ પંચોલી | ૫૨.૩૫ |
| ૧૨ | ઉર્જા અમરભાઇ ગાંધી | ૭૬.૦૦ |
| | હેત્વી હરીનભાઇ ગાંધી | ૬૩.૬૦ |
| | ભાવિક રાકેશભાઇ પંચોલી | ૩૯.૩૬ |
| | વિભાગીય | |
| ૧ થી ૫ | હેત વિપુલભાઇ પંચોલી | ૯૯.૭૦ |
| ૬ થી ૮ | યુગ આશિષભાઇ પંચોલી | ૯૮.૬૩ |
| | હેમીશ તુષારભાઇ પંચોલી | ૯૮.૬૩ |
| ૯ થી ૧૦ | વત્સલ દર્શનભાઇ પંચોલી | ૮૪.૪૩ |
| ૧૧ થી ૧૨ | વલ્લરી રાજેશભાઇ ગાંધી | ૮૪.૦૦ |

B.E.(Electrical) બાલક કમલેશભાઇ પંચોલી

B.E. (Electrical) માલવ આશિષભાઇ પંચોલી

M.E.(Civil) ગાંધી અમન હરીનભાઇ

B.Sc (Nursing) ઇશિતા જયેશભાઇ પંચોલી

રમતગમતના વિજેતા

વિભાગ-૧ (૧ થી ૫ વર્ષ)

પ્રથમ નંદની અંકિત પંચોલી-લીંબુ ચમચી

વિભાગ-૨ (૬ થી ૧૨ વર્ષ)

બોલ પાસીંગ-પ્રથમ - ધ્વની ટી. પંચોલી

દ્વિતીય-હેનીન વાય પંચોલી

તૃતીય શુભ કે. પંચોલી

લીંબુ ચમચી

પ્રથમ-પ્રિત એમ. પંચોલી

દ્વિતીય-હેનિન વાય પંચોલી

તૃતીય રિદ્ધિ આર. પંચોલી

વિભાગ-૩ (૧૩ થી ૧૮ વર્ષ)

વન મિનિટ ગેમ-પ્રથમ કૈવલ વિપુલભાઇ પંચોલી

સંગીત ખુરશી-હેત્વી એન. પંચોલી

વિભાગ-૪ (૧૯ થી ૨૬ વર્ષ)

વન મિનિટ ગેમ -પ્રથમ-પૂજા એન. પંચોલી

બેડમિન્ટલ

પ્રથમ - પાર્સવ વાય પંચોલી

દ્વિતીય મનોજ સી. પંચોલી

તૃતીય-કૈવલ સી. પંચોલી

વિભાગ-૫

કેરમ-પ્રથમ-વિપુલ એમ. પંચોલી

દ્વિતીય-જેનીસ ડી. પંચોલી

ચેસ - પ્રથમ - તેજ એન. પંચોલી

સંગીત ખુરશી-પ્રથમ વિપુલ એમ. પંચોલી

## પંચોલી સમાજ-અમદાવાદ

તા. ૨૦.૦૧.૨૦૧૯ને રવિવાર સાંજે ૫.૩૦ કલાકે રવિશંકર રાવલ કલાભવન, એલિસબ્રિજ, અમદાવાદ રાધનપુર સ્થિત ચિત્રકાર શ્રી ધર્મસિંહ પરમારનું વાઇલ્ડ લાઇફ આધારિત ચિત્ર પ્રદર્શન યોજાયું કલાગરુ અને ચિત્રકાર શ્રી જય પંચોલીના વરદ્ હસ્તે દીપ પ્રાગટય બાદ મનનીય પ્રવચન આપ્યું.

## પંચોલી સમાજ-વડોદરા

વડોદરાના શ્રીમતિ જયોત્સનાબેન ગજેન્દ્રભાઇ મપારા તરફથી સ્વ. ગજેન્દ્રભાઇ વી. મપારાના સ્મરણાર્થે વડોદરા સમાજને શૈક્ષણિક સહાયમાં રૂા. ૧૧,૦૦૦/-નું દાન મળ્યુ...

દાતાશ્રીનો આભાર.

# મહિલા સમાચાર

## પ્રગતિ મહિલા મંડળ - વ્યારા

પ્રગતિ મહિલા મંડળ વ્યારાની ડિસેમ્બરમાસની મિટિંગ તા. ૧૬.૧૨.૨૦૧૮ના રોજ પંચોલી વાડીમાં રાખવામાં આવી હતી. વર્ષની છેલ્લી મિટિંગ હોય મંત્રીશ્રી હેતલબેને સૌને આવકાર આપ્યો હતો. જ્યોત્સનાબેને પ્રાર્થના રજુ કરી. સ્વ. જયેશભાઇ રમણભાઇ પંચોલીના આત્માની શાંતિ અર્થે મૌન પાડી શ્રદ્ધાંજલી આપવામાં આવી.

આ માસની મિટિંગ દરમ્યાન ફેન્સીડ્રેસની મિટિંગ રાખવામાં આવી હતી. જેના નિર્ણાયક તરીકે દિક્ષિતાબેન શાહે સેવા આપી હતી. દિક્ષિતાબેનનો પરિચય પારૂલબેને આપ્યો. કોમ્પીટીશન બે વિભાગમાં રાખવામાં આવી હતી. વિભાગ-અ એમાં ૧૮ વર્ષથી ૫૦ વર્ષ સુધીના બહેનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ-રીમાબેન જયભાઇ ગાંધી, દ્વિતીય જયશ્રીબેન સનતભાઇ પંચોલી અને તૃતિય નંબર પર બે નામો જાહેર કરવામાં આવ્યા દિવ્યાબન પંચોલી અને ભૂમિબેન તેજશભાઇ પંચોલી.

વિભાગ-૨ ૫૦ વર્ષથી ઉપરના બહેનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં વિજેતા સરસ્વતીબેન અરવિંદભાઇ પંચોલી રહ્યા હતાં.

જ્યોત્સનાબેન મહેન્દ્રભાઇ પંચોલી તરફથી વિજેતા બહેનોને આશ્વાસન ઇનામો આપવાની જાહેરાત કરી હતી. નિર્ણાયક દિક્ષિતાબેનને સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

તા. ૨૫.૧૧.૧૮ના રોજ વ્યારા એકમની ક્રિકેટ મેચ રમાડવામાં આવી હતી જેમાં મહિલામંડળની બહેનોએ પણ ક્રિકેટ રમી આનંદ મુળવ્યો હતો. તા. ૫.૧૨.૧૮ના રોજ જુના કપડાંઓનું વિતરણ ખડકી ગામે કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૧૮ની છેલ્લી મિટિંગ હોવાથી મહિલા સંગઠનના પ્રોજેક્ટ મુજબ ૨૦૧૮ને બાય બાય ની ઉજવણી કરવામાં આવી હતી. સાથે સાથે ક્રિસમસની ઉજવણી પણ કરવામાં આવી.

પારૂલબેન, રીનલબેન, હેતલબેન અને પ્રિયંકાબેન આ ચારે હોદ્દેદારોની એનીવર્સરી ડિસેમ્બર માસમાં આવતી હોવાથી તેઓના તરફથી બહેનોને હલવાસન ખવડાવી મીઠું મોઢુ કરાવવામાં આવ્યુ હતું. અંતે અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

આજનું દાન

૧૦૧ રીનાબેન ધર્મેશભાઇ પંચોલી-એનીવર્સરી
૧૦૧ મહેન્દ્રભાઇ કાલીદાસની પૂણ્યતિથિ નિમિત્તે હસ્તે જ્યોત્સનાબેન પંચોલી તરફથી
૧૦૦ સોનલબેન સુનિલભાઇ પંચોલી-એનીવર્સરી નિમિત્તે.
૫૧ પદમાબેન હસમુખલાલ પંચોલી
૫૦૧ મંજુલાબેન ધીરજભાઇ પંચોલી
દાતાઓનો ખૂબ ખૂબ આભાર

પ્રગતિ મહિલા મંડળ વ્યારાની જાન્યુઆરીની મિટિંગ તા. ૦૬.૦૧.૨૦૧૯ના રોજ પંચોલી સમાજની વાડીમાં રાખવામાં આવી હતી.
હેતલબેને ૨૦૧૦ના નવા વર્ષની શુભેચ્છાઓ સાથે સર્વે બહેનોને આવકાર્યા. રાષ્ટ્રગીત ગાઇને મિટિંગની શરૂઆત કરવામાં આવી. સ્દગત ચંદ્રિકાબેન મગનલાલ પંચોલીને શ્રદ્ધાંજલી આપવામાં આવી. બર્થડે તથા અનીવર્સરી વિશ કરવામાં આવી. રીનલબેને સરપ્રાઇઝ ગેમ રમાડી જેના વિજેતા કુમુદબેન પંચોલી થયા.
જાન્યુઆરી માસમાં લીલા વટાણા અને તુવેરના દાણામાંથી બનતી વાનગી સ્પર્ધા રાખવામાં આવી હતી જેના નિર્ણાયક તરીકે બરખાબેને સેવા આપી હતી. બરખાબેનનો પરીચય પારૂલબેને આપ્યો હતો. આ સ્પર્ધાના વિજેતા નીચે મુજબ છે.. પ્રથમઃનયનાબેન હર્ષદભાઇ પંચોલી, દ્વિતીય : હિનાબેન ચેતનભાઇ પંચોલી, તૃતીય રીમાબેન જયભાઇ ગાંધી અને ચતુર્થ : મનિષાબેન નિતેશકુમાર પંચોલી
૨૬ જાન્યુઆરી એટલે કે પ્રજાસત્તાક દિન નિમિત્તે કુસુમબેન, અંજલીબેન, જયશ્રીબેન, દક્ષાબેને દેશભક્તિ ગીતો ગાયા. રંજનબેને મેમરી ગેમ રમાડી તેના વિજેતા પ્રથમ : રીટાબેન રાકેશભાઇ ગાંધી અને અંજલીબેન પરેશભાઇ પચ્ચીગર. દ્વિતીય : નેહાબેન જેનિશકુમાર પંચોલી. અંતે પાવભાજી અને ગુલાબજાંબુનો અલ્પાહાર કરાવવામાં આવ્યો જેમાં ગુલાબજાંબુના સ્પોન્સર

પારૂલબેન અને હેતલબેનની વર્ષગાંઠ નિમિત્તે.
૨૦૧ હિનાબેન ચેતનભાઇ પંચોલી તરફથી બર્થ-ડે અને એનીવર્સરી નિમિત્તે.
૧૦૧ કૈલાસબેન હરીશભાઇ પંચોલી તરફથી ચિ. વિપુલની વર્ષગાંઠ નિમિત્તે.
૫૧ કિરણભાઇ ધર્મેશભાઇ પંચોલી તરફથી ચિ. યશની બર્થ-ડે નિમિત્તે.
૫૧ ઇન્દિરાબેન અશોકભાઇ ગાંધી -બર્થડે નિમિત્તે.
૫૧ એનિકાબેન ભુપેનભાઇ ગાંધી-બર્થ-ડે નિમિત્તે.
૫૦ પ્રવિણાબેન ભુપેનભાઇ ગાંધી-બર્થ-ડે નિમિત્તે.
૫૧ દિવ્યાબેન જેનિશભાઇ પંચોલી બર્થ-ડે નિમિત્તે.

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા



તેજસ્વી મહિલા મંડળ વડોદરાના તમામ સભ્યોનો સ્નેહ મિલન સમારંભ તા. ૨૨.૧૨.૨૦૧૮ને શનિવારના રોજ કમાટીબાગ બેન્ડ સ્ટેન્ડ પાસે રાખવામાં આવ્યો હતો. બધા જ બહેનો રેડ ડ્રેસ પહેરીને ૩.૩૦ કલાકે હાજર થઇ ગયા હતા. પ્રમુખ શ્રીમતિ સુરેખાબેને સૌને આવકાર્યા..

કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદનાથી કરવામાં આવી. નાતાલની ઉજવણી તેમજ ૨૦૧૮ની સાલની વિદાય તેમજ ૨૦૧૯ના નવા વર્ષને આવકારવા સૌ બહેનોએ ગીતો - ડાન્સ ગાઇ આનંદ લઇ ઉજવણી કરી. નવા જોડાયેલ સભ્યોનો પરિચય આપ્યો.

વન મિનિટ ગેમ રમ્યા. પ્રથમ વિજેતા નયનાબેન અને દ્વિતીય વિજેતા રેખાબેન જાહેર કરવામાં આવ્યા. બીજી ગેમના વિજેતા પ્રથમ શકુબેન અને દ્વિતીય સરલાબેન બન્યા.

નવા વર્ષની ઉજવણી નિમિત્તે મહિલા મંડળમાં જોડાયેલ તમામ સભ્યો ને રીટર્ન ગીફ્ટ આપવામાં આવી. વન મિનિટ ગેમના વિજેતાઓને ગીફ્ટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

અંતમાં સમુહમાં ઉંધીયું, પૂરી, જલેબી અને પુલાવનું ભોજન કર્યુ. લીનાબેને સ્નેહ મિલનમાં પોતાનો કિંમતી સમય ફાળવી હાજર રહેવા બદલ આભાર માન્યો... સુદર સાથ સહકાર આપી તેજસ્વી મહિલા મંડળની પ્રગતિમાં સહકાર આપવા માટે આભાર વ્યકત કર્યો.

આગામી સ્નેહ મિલન સમારંભ ફરીથી એપ્રિલ માસમાં રાખવાનું નકકી કરી છુટા પડયા.

તેજસ્વીની મહિલા મંડળ ના ભોજન સ્પોન્સર..
૫૦૦ સુરેખાબેન બી. પંચોલી
૫૦૦ પ્રિતીબેન એમ. મપારા
૫૦૦ નિમાબેન ડી. પંચોલી
૨૦૦ પ્રિતીબેન જે. પંચોલી
૨૦૦ લીનાબેન બી. પંચોલી
૨૦૦ જ્યોતિબેન કે. પંચોલી
૨૦૦ શીલાબેન એ. પંચોલી
૨૦૦ નિતાબેન એચ. પંચોલી
૨૦૦ જ્યોતિબેન એસ. પંચોલી
૨૦૦ નિકુંજબેન આર. પંચોલી
૨૦૦ આનંદીબેન એન. પંચોલી
૨૦૦ સપનાબેન એસ. પંચોલી
૨૦૦ જ્યોત્સનાબેન એસ. પંચોલી
આભાર દાતાશ્રીઓનો.....



તેજસ્વી મહિલા મંડળની કારોબારીની મિટિંગ તા. ૩.૧.૨૦૧૯ના રોજ લીનાબેન બી. પંચોલીના નિવાસ સ્થાને મળી જેમાં તમામ કારોબારી સભ્યો હાજર રહ્યા હતાં. મિટિંગની શુભ શરૂઆત દત્તબાવનીના પાઠથી કરવામાં આવી. નવા વર્ષ નિમિત્તે લીનાબેને માવા કેક

આપી સૌનું મોઢુ મીઠું કરાવ્યું. ત્યારબાદ ટોમેટો સુપથી સૌનું સ્વાગત કર્યુ.

દિવંગત આત્માઓ શ્રદ્ધાંજલી અર્પી. ઉત્તરાયણ પર્વને અનુલક્ષીને લીનાબેને કાઇટ ડેકોરેશનની કોમ્પીટીશન યોજવામાં આવી. લીનાબેને સૌને પતંગો આપી ૩૦ મિનટની લીમીટ ડેકોરેશન માટે આપી.. આગવી સૂઝ દ્વારા શણગારેલ પતંગના પ્રથમ વિજેતા નીતાબેન એસ. અને દ્વિતીય વિજેતા આનંદીબેન બન્યા.

લીનાબેને વન મિનિટ ગેમ રમાડી તેના પ્રથમ વિજેતા નીમાબેન અને દ્વિતીય વિજેતા જ્યોત્સનાબેન જાહેર થયા. ત્યારબાદ હાઉસી રમ્યા.

સ્વાદિષ્ટ ભોજનનો રસાસ્વાદ માણ્યો. સ્વાદિષ્ટ ભોજન અને સુંદર વ્યવસ્થા કરવા બદલ લીનાબેન તથા તેમના પરિવારજનોનો આભાર માનવામાં આવ્યો. આગામી મિટિંગ જ્યોતિબેન કે. પંચોલીને તયાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

૧૫૦ સુરેખાબેન બી પંચોલી-બર્થડે
૧૦૦ સમર્થ બંકિમભાઇ પંચોલી-બર્થડે તથા
૧૦૦ પરમેશ્વરી બંકિમભાઇ પંચોલી બર્થડે નિમિત્તે જ્યોતિબેન એસ. પંચોલી તરફથી મળ્યા.
આભાર દાતાશ્રીઓનો...

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર



જાન્યુઆરી માસની પ્રથમ મિટિંગ તા. ૦૪.૦૧.૨૦૧૯ના રોજ સોનલબેન વિશાલભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી.. મહિલાઓ ત્રિરંગી વસ્ત્રો પરિધાન કરી આવી હતી. પ્રથમ સમૂહ પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ વીતી ગયેલ વર્ષની કામગીરીનો રીપોર્ટ મંત્રીશ્રીએ આપ્યો જેમાં જાન્યુઆરી માસમાં દેશભકિતગીત-સ્પર્ધા અને શૈશવ સ્કૂલમાં પતંગ-દોરા અને ચીકી વિતરણ, ફેબ્રુઆરીમાં વેલેન્ટાઇન ડે તથા વેસ્ટમાંથી બેસ્ટની સ્પર્ધા, માર્ચ-એપ્રિલ માસમાં નર્મદા ગાર્ડન પીકનીક અને ડબ્બા પાર્ટી.. જુન માસમાં સહકારી ગૃહઉદ્યોગ-પાપડ બનાવવાની ફેકટરીની મુલાકાત તથા ગરીબોમાં કપડાનું વિતરણ કરવામાં આવ્યું. જુલાઇ માસમાં વેસ્ટર્ન ડ્રેસ કોડ સાથે હમ સાથ સાથ હૈ અને અલુણાગીત. ઓગસ્ટ માસમાં ફ્રેન્ડશીપ ડે તથા દેશભકિત ગીત સ્પર્ધા, સપ્ટેમ્બમાં ટીચર્સ-ડે, મહિલા દિન, બ્લાઇન્ડ ડે અને માતૃદિનની ઉજવણી. ઓકટોબર માસમાં ઘરડાઘરમાં કપડા વિતરણ સરદાર વલ્લભભાઇ અને ગાંધીજીની જયંતિની ઉજવણી તથા નવરાત્રી ગરબા સ્પર્ધા. નવેમ્બર બાલદિન ઉજવણી સાથે નવા વર્ષની ઉજવણી નાના બાળકો સાથે કરી. ડિસેમ્બરમા જુના વર્ષને ગુડબાય અને નવા વર્ષની વેલકમ મિટિંગ આમ આખા વર્ષ દરમ્યાન ઉપરોકત કાર્યક્રમો કર્યા હતા. પ્રમુખ શ્રીમતિ સ્નેહાબેને ગત વર્ષ દરમ્યાન આપેલ સહકાર બદલ આભાર વ્યકત કર્યો તથા આગામી વર્ષમાં પણ આવો સાથ સહકાર આપશો એવી આશા વ્યકત કરી.

આ માસમાં આવતી બર્થડે-એનીવર્સરીની ગીફ્ટ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી. સોનલબેને વન મિનિટ ગેમ રમાડી જેમાં ૫૦ વર્ષથી નીચેનામાં પ્રથમ કેતકીબેન અને દ્વિતીય કલ્પનાબેન કનુભાઇ વિજેતા થયા. ૫૦ વર્ષની ઉપરનામાં દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી વિજેતા થયા. વિજેતાઓને મંડળ તરફથી પ્રમુખ શ્રી સ્નેહાબેનના વરદ હસ્તે ઇનામો આપવામાં આવ્યા.

મકર સંક્રાતિ નિમિત્તે ચીકી સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં નિર્ણાયક તરીકેની સેવા મીરાબેન અને દક્ષાબેન મિસ્ત્રીએ આપી હતી. આ સ્પર્ધાના વિજેતા પ્રથમ કેતકીબેન અને દ્વિતીય સ્નેહાબેન વિજેતા થયા હતાં..

તા. ૧૧.૦૧.૨૦૧૯ના રોજ શૈશવ સ્કૂલમાં દિવ્યાંગ બાળકોને પતંગ-દોરા, ચીકી, બોર વિગેરે મુલાકાત લઇ આપવામાં આવ્યા હતા.

૫૦ નીપાબેન મૌલિકભાઇ મિસ્ત્રી-એનીવર્સરી
૫૧ દેવ્યાનીબેન નિલેશભાઇ મહેતા એનીવર્સરી

૫૦ પ્રિતવંતીબેન ગજેન્દ્રભાઇ પંચોલી
૫૦ સોનલબેન વિશાલભાઇ પંચોલી
૫૦ હંસાબેન મહેન્દ્રભાઇ પંચોલી બર્થ ડે નિમિત્તે

અંતમાં અલ્પાહાર અને શરબતને ન્યાય આપી તા. ૨ ફેબ્રુઆરીના રોજ ભરૂચ મુકામ પ્રકાશવંતીબેનને ત્યાં સલાડ ડેકોરેશનની સ્પર્ધા સાથે ફરી મળવાનું નક્કી કરી છુટા

## પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

રાજપીપલા ભગસની મંડળની કારોબારીની મિટિંગ તા. ૧૮.૧૨.૨૦૧૮ના રોજ શ્રીમતિ ચંપાબેનના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. સૌ પ્રથમ સર્વે બહેનોનું વ.લકમ ડ્રિંક્સથી સ્વાગત કરવામાં આવ્યું. અને પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી.

આજરોજ ‘ફેશન શો’ રાખવામાં આવ્યો હતો. સર્વે બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો. ક્રિસમસ આવતો હોવાથી ‘ક્રિસમસ ટ્રીની હરિફાઇ રાખવામાં આવી હતી.તેના વિજેતા પ્રથમ નયનાબેન નયનકુમાર પંચોલી, દ્વિતીય જયશ્રીબેન દિપનભાઇ પંચોલી અને તૃતિય સ્નેહા ડી. પંચોલી થયા હતા. આ ઇનામના સ્પોન્સર શ્રીમતિ રેખાબેન આર પંચોલી હતા.

મંત્રીશ્રીએ નવયુગનો અહેવાલ વાંચી સંભળાવ્યો. વન મિનિટ ગેમ રમયા, હાઉસી પણ રમ્યા.. સર્વે બહેનોએ વર્ષ ૨૦૧૮ને બાય બાય કહી વિદાય આપી અને ૨૦૧૯ની આવનારી સાલને આવકારી. આગામી મિટિંગ ગીતાબેનને ત્યાં ૧૧.૧.૨૦૧૯ના રોજ રાખવાનું નક્કી કરી સુંદર મિટિંગ અને ભોજનના આયોજન બદલ ચંપાબેનનો આભાર વ્યકત કરી અંતમાં શિયાળાનું સુંદર ભોજનનો રસાસ્વાદ લઇ છુટા પડયા.

## પંચોલી મહિલા મંડળ-બીલીમોરા

બીલીમોરા મહિલા મંડળ ની સામાન્ય સભા તા.૧૫ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ શ્રીમતી જયશ્રીબેન બીપીનભાઇ મિસ્ત્રી ના નિવાસસ્થાને રાખવામાં આવી હતી. બહોળી સંખ્યામાં બધી બહેનો હાજર રહી હતી. પ્રથમ ગાયત્રી મંત્રથી સભાની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ સૌ બહેનો ઘરેથી તલ , ગોળ , મમરાની વિવિધતા ભરી ચીકી, લાડવા બનાવી લાવી હતી તેનો સૌએ સ્વાદ માણ્યો. શ્રીમતી ઉર્મિલાબેને અને માનનીય દમયંતીબેને તલ ગોળનું મહત્વ સમજાવ્યું હતું. શોભાબેને પતંગ નો ઇતિહાસ કહ્યો હતો. પતંગ ચગાવવા નું મહત્વ અને વિવિધ દેશોમાં કયા કયા કારણોસર પતંગ ઉડાવવામાં આવે છે તેની માહિતી આપી હતી. બધી બહેનોએ પતંગને લગતા ગીતો ગયા હતા. મનિષાબેને અને કાશ્મીરાબેને શિયાળામાં ઉપયોગી જુદા જુદા પાક વિશે માહિતી આપી હતી. ત્યારબાદ એક મિનિટની રમત રમાડવામાં આવી હતી તેમાં પ્રથમ વિજેતા કાશ્મીરાબેન અને દ્વિતીય વિજેતા જયશ્રીબેન અને નલિનીબેન બન્યા હતા.

ત્યારબાદ ૨૬ મી જાન્યુઆરી એ બીલીમોરા ની પ્રસિદ્ધ શાળા કેશરીચંદ ભાણાભાઇ કન્યાશાળા માં ધ્વજ વંદન નિમિત્તે સૌને સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવી હતી. અંતે સ્વાદિષ્ટ ખીચુ , ચીકી અને મસ્ત મજાની ગ્રીન ટી નો આસ્વાદ માણી સૌ છુટા પડ્યા હતાં.

હેપી બર્થડે


રુહી મિહિરભાઈ મિસ્ત્રી
વ્યારા- તા. ૨૭.૦૨.૨૦૧૬


પહલ પ્રિયાંકકુમાર પંચોલી
કવાંટ-તા. ૧૯.૦૧.૨૦૧૭


મીસરી અંકુરકુમાર મિસ્ત્રી
મુંબઈ-તા. ૨૨-૦૨-૨૦૧૬

# ક્રિકેટ મહોત્સવ ૨૦૧૮ની ઝાંખી



મહામંડળ ઉપ પ્રમુખ શ્રી મુકેશભાઈ પંચોલી-સ્વાગત



સ્પોન્સર કમલેશભાઈ-પ્રિયવ્રત-અશ્વિનભાઈ



ટ્રોફી સ્વીકારતા હેમંભાઈ પંચોલી-વડોદરા



ટુર્નામેન્ટ બેસ્ટ પ્લેયર-પાર્થ મારફતીયા-સુરત



ટુર્નામેન્ટ બેસ્ટ વિકેટ કિપર-ચિંતન ગજ્જર-સુરત



બેસ્ટ બેટસમેન આશિષ પંચોલી



ટુર્નામેન્ટ બેસ્ટ ફિલ્ડર-ભાવેશ પંચોલી



પ્રેક્ષકો....

નવયુગ શુભચિંતક સ્વ. પરસોત્તમદાસ ભીખાભાઈ પંચોલી સુરત શ્રી પદ્મકાંત ગણપતભાઈ પંચોલી સુરત

# જીત નો જશ્ન્











પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. કમળાબેન નગીનદાસ પંચોલી સુરત | સ્વ. હસમુખભાઈ બાલુભાઈ ગજ્જર સુરત

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : (D) 98241 71930, (M) 98240 64282. Email : pancholinavyug@gmail.com**